કુસુમાંજલિ.

કર્તા,

રા. ભીમરાવ ભોળાનાથ.



ભીમરાવ ભોળાનાથ.

કુસુમાંજલિ.

સ્વર્ગસ્થ ભીમરાવ ભોળાનાથ કૃત
છૂટક કાવ્યોનો સંગ્રહ.

પ્રસિદ્ધકર્ત્તા,
સત્યેંદ્ર ભીમરાવ, બી. એ.

અમદાવાદ—"આર્યોદય" પ્રેસ.

સંવત્ ૧૯૫૯. ઇ. સ. ૧૯૦૩.

કિંમત રૂ. ૦-૧૦-૦.

પ્રસ્તાવના.

સ્વર્ગસ્થ ભીમરાવનું આ ચોથું તથા છેલ્લું પુસ્તક વાચકવર્ગ સમક્ષ મૂક્યું છે. એમણે જૂદે જૂદે સમયે રચેલી ગરબીયો વગેરે કાવ્યોનો સંગ્રહ આમાં કરવામાં આવ્યો છે. આ ગરબીયો વગેરે એમની પોતાની હયાતીમાં પ્રસિદ્ધ થઇ સકી નથી પરંતુ તે પ્રસિદ્ધ કરવાની એમની ઇચ્છા હતી તે તેમણે લખવા ધારેલા તેમની એક નોંધપોથીમાંથી મળી આવેલા કાગળ ઉપરથી સ્પષ્ટ જણાય છેઃ—

" ચિ..........

આટલું મારૂં લખેલું માન્ય રાખશો એવી ઉમેદથી લખુંછું કે પ્રથમ મેઘદૂત છપાવશો; તેની ટીકામાં કાંઇ વધારો કરવાનો હોય તે કરશો. પછી દેવલદેવીનું નાટક અને ત્યાર પછી ગરબીયો—આણુની કવિતા જેટલી છે તે તથા મારી બીજી નોટ બુકમાં, તમને વંચાવ્યા હતા તે, છુટા શ્લોક છે તે છપાવજો. ગરબીયો ઘણી લાંબી લાગે તો તેમાંથી જેટલું કહાડી નંખાય એવું હોય તે કહાડી નાંખશો. તે ગરબીયોમ બાળલગ્નનિષેધક સભાને વાસ્તે કરેલી ગરબીયો પાંચ—તેપણ એકડી અનુક્રમે છપાવજો. મેઘદૂતની કીમત કરનાર થોડા મળશે.

તા. ૯ મી જુન ૧૮૭૬ }
શુક્રવાર.. }

જે અરસામાં પોતે ભયંકર માંદગીના પંઝામાં સપડાયા હતા તે સમયમાં આ પત્ર પોતાની નોટબુકમાં લખેલો હોય એમ લાગે છે. વિપરીત પરિણામ આવે તો પોતાનાં

લખાણની શી વ્યવસ્થા કરવી તે સૂચવ્યું છે. ભય વીત્યા પછી એમના સ્વર્ગવાસ સુધીમાં એમણે માત્ર મેઘદૂતનું ભાષાન્તર, મિત્રોના આગ્રહથી, પ્રસિદ્ધ કર્યું. પરંતુ એમના ધારવા પ્રમાણે તેની કિંમત કરનાર બહુ થોડા મળ્યા. તે ભાષાન્તર ઉપર સ્વદેશવત્સલમાં કેવલ દોષૈકદૃષ્ટિથી પ્રેરાયલી ટીકા થઈ અને તેને પરિણામે લોકમત માટે એમને અવિશ્વાસ ઉત્પન્ન થયો અને કાવ્યપરીક્ષા કરવામાં વાચકવર્ગની બુદ્ધિ ઘણી અપરિપકવ દશામાં જણાઇ જેથી તેવા મતથી સ્વતંત્ર રહેવાની વૃત્તિ ઉત્પન્ન થવાને લીધે પોતાની કૃતિયો વાચકવૃંદ સમક્ષ મૂકી નહી. ભાષાન્તરને અંગે જે કાંઇ દોષ મેઘદૂતમાં આવ્યા હોય તે દૂર રાખીને જો આ પુસ્તક ધ્યાનપૂર્વક જોવામાં આવે તો સહજ જણાશે કે કવિવર કાળિદાસનું પદલાલિત્ય જાળવીને તે અનુપમ કાવ્યનું અર્થગૌરવ સમશ્લોકી ભાષાંતરમાં આણવામાં મેઘદૂતનાં બીજાં ભાષાંતરો આટલે દરજ્જે સફળ થયાં નથી. ઉપર દર્શાવેલાં કારણથીજ 'દેવળદેવી' 'પૃથુરાજરાસા' તથા આ સંગ્રહમાં સમાયેલાં કાવ્યો એમની હયાતીમાં પ્રસિદ્ધિમાં આવ્યાં નહી. સંસ્કૃત તથા યુરોપીય નાટયશાસ્ત્રોની દૃષ્ટિથી જોતાં 'દેવળદેવી' અત્યુત્તમ નાટકોની પંક્તિમાં મૂકાશે નહી એ સત્ય છે. પરંતુ આધુનિક ગૂજરાતી સાહિત્યમાં ઉત્તમ પ્રતિનાં નાટક, રા. મણિલાલ નભુભાઇના કાન્તા નાટક શિવાય, બહુજ થોડાં જોવામાં આવેછે; તોપણ સાધારણ પંક્તિનાં જેટલાં નાટકો છે તેમાં, શબ્દલાલિત્ય, વસ્તુસંકલના, પાત્રરચના, શૃંગાર તથા કરુણરસનું વિવેકપૂર્વક મિશ્રણ, કવિત્વ વગેરે ગુણોના આવિર્ભાવને લીધે આ દેવળદેવીને ઉંચું સ્થાન આપી સકાય. પૃથુરાજરાસામાં કોઇ કોઇ સ્થળે અતિશયોક્તિ, નિર્મર્યાદ શૃંગારવર્ણન, અવિશદત્વ, વાકયોના અન્વય-

ની ક્લિષ્ટતા, વ્યાકરણદોષ એવા સાધારણ તથા રસનિષ્પત્તિમાં વિઘ્ન ન કરે એવા દોષ ગૌણ પક્ષે આવેછે, પરંતુ જગપ્રસિદ્ધ રજપૂત વીર પૃથુરાજની ચિત્તાકર્ષક તથા ચમત્કારપ્રતીતિજનક ઐતિહાસિક વીરરસપ્રધાન કથા લઇ તેના વિસ્મયકારક અને અદ્ભુત અંશોમાંથી વીર, શૃંગાર, કરુણા વગેરે રસથી સંપૂર્ણ પ્રસંગો લઈ એક ભવ્ય રસિક તથા ગંભીર મહાકાવ્ય કલ્પી ને ઉપજાતી કાઢવામાં જે નવીનતા તથા વિશેષતા રહેલી છે તેવી ગૂજરાતી સાહિત્યમાં તો ક્વચિત્ જ જોવામાં આવેછે; બલ્કે આ પ્રકારની વિશેષતાવાળું, સંસ્કૃત વીરરસ કાવ્યના આવશ્યક અંશોથી સામાન્યતઃ યુક્ત, તેની સાથે ગૂજરાતી સાહિત્ય ઉપર જે આધુનિક સમયમાં નવીન સંસ્કારો પડ્યા છે તેને અનુકૂળ રહીને તે સાહિત્યને એક જૂદેજ પણ રમણીય માર્ગે દોરીને પ્રવૃત્ત કરાવે એવું, કાંઈ અપૂર્વ કોમળતા, રસિકતા, સૌન્દર્ય, શબ્દાર્થલાલિત્ય, દેશપ્રીતિ, કલાવિધાનની કુશલતા, કલ્પનાપ્રાગલ્ભ્ય, ગૌરવ, અસાધારણ શૈલી, અલંકાર, ઉત્કૃષ્ટ ભાવના, પ્રતિભા એ સર્વ ગુણોથી ભરેલું એટલુંજ નહી પણ સૂચક અને ઉત્પાદક શકિતવાળું બીજું મનોહર કાવ્ય આધુનિક ગૂજરાતી સાહિત્યમાંથી તો જડવું મુસ્કેલ લાગે છે. સામાન્યતઃ આવા ગુણોથી વિશિષ્ટ આ સંગ્રહમાં સમાયલાં કાવ્યો છે. આમાંનાં કેટલાંક પ્રાસંગિક કાવ્યો તે તે પ્રસંગે "બુદ્ધિપ્રકાશ"માં પ્રસિદ્ધ થયાં છે. ગરબીયો મુખ્યત્વે સંસારસુધારાના વિષયની છે, અને તે જે કાળમાં રચાયલી તે સમયની સ્થિતિનું ભાન વિશેષતઃ કરાવે છે; તો પણ આપણા હિંદુજનમંડલની સંસારસુધારા તરફની પ્રવૃત્તિ, દેશકાળ, જનસ્વભાવ, વગેરે સહજિક અને બીજાં

અનેક કારણોને લીધે, એટલી બધી મંદ છે કે પચીસ વર્ષ ઉપર લખાયેલી ગરબીયોમાં વર્ણવેલી સ્થિતિ, હિંદુજનસમાજના ઉંચા વર્ગમાં થયેલા થોડા થોડા પણ કેટલાક સુધારા બાદ કરીયે તો, આજ પણ વાસ્તવિક રીતે એની એજ જોવામાં આવે છે. મુંબાઇ, પંજાબ વગેરે ઇલાકા તથા વડોદરા વગેરે દેશીરાજ્યોમાં જે વસ્તીપત્રક થયાં તે સંબંધી રીપોર્ટોમાંથી સ્ત્રીકેળવણી, બાળલગ્ન, વિધવાઓની ઉમ્મર તથા સંખ્યા વગેરે વિશે હકીકત ધ્યાનપૂર્વક જે કોઈ વાંચે તેને આપણા દેશની શોચનીય સ્થિતિનું ભાન સહજ થયા વગર રહેશે નહી અને જે દેશમાં પાંચ પાંચ વર્ષની, એક એક વર્ષની, વિધવાઓ બાળલગ્નના દુષ્ટ રીવાજને પરિણામે, થયેલી જોવામાં આવે છે અને સ્ત્રીકેળવણીને અભાવે આજ સૂધી બીજાં અનેક માઠાં પરિણામ આવ્યાં છે તે દેશને માટે કિયા સ્વદેશપ્રેમીજનનું હૃદય દ્રવશે નહી! એટલાજ કારણથી આ ગરબીયો જેટલે દરજ્જે તે સમયને માટે પ્રબોધક હતી તેટલીજ પ્રબોધક આ સમયમાં પણ છે; અને એમની કીંમત આજ પણ એટલીને એટલીજ રહે છે.

આ સંગ્રહમાં પ્રથમ સંસાર સુધારા વિષયની ગરબીયો આવે છે. તેમાં અગ્રે મૂકેલી લાવણ્યમયી સને ૧૮૮૦ ના મે માસના બુદ્ધિપ્રકાશમાં પ્રસિદ્ધ થઇ હતી. આ અત્યુત્તમ પ્રકારનું કાવ્ય છે; તેમાં ઉંચી જાત્યનું કવિત્વ સમાએલું છે; કોમળતા, મધુરતા, યથાર્થશબ્દરચના, વિશદત્વ, સંગીતયોગ્યતા, વ્યંજકત્વ, અલંકાર વગેરે ગુણોથી પરિપૂર્ણ છે; અને વિશેષ ગુણ—લાલિત્ય—પદ તથા અર્થનું લાલિત્ય રેલી રહ્યું છે. સંગીતપ્રિયજનો આની ખુબી વિશેષ રીતે અ-

નુભવી સકશે. આ કાવ્યમાં નીતિનાં તથા ધર્મનાં તત્ત્વોનું સાથે પ્રતિપાદન કરવામાં આવ્યું છે. સર્વ હિંદુ નાગરિકજનો-ને સંસારસુધારાને માર્ગે સજ્જ થઈ જવા માટે ઉત્તેજન દઇ, ઇશ્વરના ઉપકારનું સ્મરણ કરાવી, નૈતિક તથા ધાર્મિક ઉન્નતિનું પ્રાબલ્ય તથા મહત્વ બતાવી તેથી થતાં ફળનું વ-ર્ણન કરી, દુર્ગુણો ત્યજવાનો બોધ આપી, નીતિ વિષયક શ્રુ-તિ વચનો ઉપર ભાર મૂકી, 'નિંદ્ય નકામી નિરાશા' મૂકી દઇ ધર્મનું ડુબતું નાવ ઉગારવા ઉત્તેજિત કરી, 'નાગર' ની વિભૂતિની સ્મૃતિ કરાવી, માન લૂંટવાને ઉત્સાહ પૂર્ણ વચ-નોથી ઉશ્કેરે છે. સ્વદેશવાત્સલ્ય, સ્વજાતિ ઉપર પ્રેમ, સુંદર સૃષ્ટિરચના ઉપર પ્રીતિ વગેરે બીજા ગુણો સ્પષ્ટ જણાય છે. આવી સુઘટિત મનોહર રચના કરીને 'લાવણ્યમયી' શ-બ્દનું યાથાર્થ્ય સિદ્ધ કરી આપ્યું છે.

સ્ત્રીશિક્ષાની બે ગરબીઓ સ્ત્રીકેળવણી વિષયની છે. સરસ્વતી દેવીનું વર્ણન કરી, લક્ષ્મી અને સરસ્વતી વચ્ચે રહેલો ભેદ બતાવી, સરસ્વતી દેવીની સેવા કર્યાથી થતા લાભ બતાવી હિન્દુ માતપિતાને પુત્રીઓ ભણાવવા યોગ્ય શ-બ્દોથી ઉત્સાહિત કરેછે; કેવી રીતનું શિક્ષણ આપવું તે સ્ત્રી કેળવણીથી બીજા દેશોની કેવી રીતે ચઢતી થઈ તે બાળલગ્નથી સ્ત્રીકેળવણીને થતી હાની, કુથલી કરવામાં થતો કાળક્ષેપ વગેરે બતાવી, કામણ કૂટણ વગેરે વહેમો, અ-ને કેટલાક પંથોમાં ધર્મને નામે ચાલતા વ્યભિચાર દૂર કર-વાનું સૂચન કરી સ્ત્રીકેળવણીની મહત્તા બતાવી છે. આ બે ગરબાઓમાંની પહેલી ગરબી સને ૧૮૯૯ ના મે માસ-ના બુદ્ધિપ્રકાશના અંકમાં પ્રસિદ્ધ થઇ હતી. સ્ત્રીઓને કેળ-વણી આપવાની આવશ્યકતા તો હવે સર્વ સ્થળે સ્વીકારાઇ છે; પરંતુ તેના પ્રકાર સંબધી અનેક મતભેદ છે; અને તે

સ્વાભાવિક છે. હાલમાં શાળાઓમાં અપાતી સ્ત્રીકેળવણી વિરૂદ્ધ ઘણાના મત સાંભળવામાં આવેછે. જેવી રીતે પુરુષોને અપાતી કેળવણીમાં ફેરફાર કરવાની જરૂરછે અને તેમાં રહેલી ખામીયો સર્વ વિચારશીલ પુરુષો કબુલ કરેછે, અને તે સુધારવાને પ્રયત્ન થાયછે, તેમજ સ્ત્રીકેળવણીમાં પણ ખામીઓ છે જે દૂર કરવી જોઇયે; પરંતુ તેટલા માટે હાલ અપાતી કેળવણી બંધ થવી જોઇયે, અથવા તે તદ્દન નિષ્પ્રયોજન છે તેમ કહેવું તે યોગ્ય નથી. જેઓ માત્ર આપણી પુરાતન સમયની સ્થિતિનાં વખાણથી જ અંજાઇ જાયછે, અને વર્તમાન સ્થિતિ ઉપર લક્ષ આપતા નથી તેઓ હાલની સ્ત્રીકેળવણીને વખોડી કહાડે છે કારણ કે આપણા પૂર્વના ઉચ્ચ આચાર વિચારોનો એથી નાશ થાયછે તેમ તેમનું કહેવું છે. આ આક્ષેપ વાસ્તવિક નથી તે અનુભવ શિવાય સમજાતું નથી. બ્હારની વાતોથી ના દોરાતાં જો આ રીતે કેળવાયલી સ્ત્રીયોના સહવાસમાં અવાય તો ખબર પડે કે યોગ્ય પાત્રે કેળવણી અપાઇ હોયછે તો હિંદુ ધર્મ તથા સંસારની ઉત્તમ રીતિયો તથા ભાવનાઓ ને બીલકુલ નુકસાન પ્હોંચતું નથી. માત્ર તેમાં દેશકાલને અનુસાર જરૂરના ફેરફાર થાયછે અને તે સ્વાભાવિકછે. જેમ પુરુષોને ચાલતા સંપ્રદાય પ્રમાણે, સરકારી શાળાઓમાં અપાતી કેળવણીથી જૂદા પ્રકારની કેળવણી આપવામાં અનેક બાધ આવેછે તેમ સ્ત્રીયોને પ્રત્યેક વ્યક્તિની રુચિ પ્રમાણે કેળવણી આપવામાં કોઇપણ પ્રકારનો બાધ આવતો નથી; જેમને આજીવિકા માટે કેળવણી લેવી છે તેમને જ તે પ્રમાણે યથારુચિ કરવામાં હરકત આવેછે. ત્યારે જેમને હાલની કેળવણી રુચતી ના હોય તેમનો ધર્મ તો એ છે કે, માત્ર વાતો કર્યા ન કરતાં, પોતે ધારેલે માર્ગે પ્રવૃત્તિ કરવી જોઇયે. વિદુષી બાઇ મીસીસ ઍની બીસન્ટે તેમના

Womanhood નામના નિબંધમાં સ્ત્રીકેળવણી કેવા પ્રકારની આપવી જોઇયે તે સંબંધી સારૂં વિવેચન કરી કેટલીક ઉત્તમ સૂચનાએ કરીછે અને જેમને એ માર્ગ અનુકૂળ હોય તેમને માટે યોગ્ય બંધારણ બતાવ્યુંછે. ત્યારે એ સંબંધી જે ઉત્સુક છે તેમણે વિચારપૂર્વક એ રસ્તે પુસ્તકો રચી અનુકૂળ આવે તો ઘરવાર, યોગ્ય લાગે તો પ્રત્યેક જ્ઞાતિવાર, ઠીક પડે તો ગામવાર, એવા પ્રકારની કેળવણી દાખલ કરી એક જાત્યનો દાખલો બેસાડવો જોઇએ. એજ તેમની ફરજ છે. શોચનીય એટલુંજ છે કે એ માર્ગે કાંઇ પ્રવૃત્તિ થતી નથી.

સ્ત્રીશિક્ષા પછી બાળલગ્નનિષેધક સભા વાસ્તે ખ. સ. ૧૮૭૫ માં લખેલી ગરબીયોનું પંચક આવેછે. આમાંની પહેલી ત્રણ ગરબીયોમાં, કજોડાથી પીડાતી યુવતીને મુખે કજોડાના દુઃખની કહાણી ત્હેની સખી આગળ કવિ કહેવડાવેછે. આ રીતિથી જોસદાર શબ્દોમાં હૃદય સમક્ષ એવી યુવતીની પીડાનું આબેહૂબ ચિત્ર ખડું થાયછે અને તેની મન ઉપર દૃઢ છાપ બેસેછે. કોઇને કહી સકાય નહી એવી પોતાના દુઃખની વાતનો ડુમો દીલમાં જ્યહારે દાબી સકતી નથી ત્યહારે જ પોતાની વ્હાલી વિશ્વાસપાત્ર સખીની પાસે પણ, ઉભરાઈ જતું હૃદય કોઈ કજોડાના અગ્નિથી બળતી યુવતી અન્તે ખાલી કરે એ સ્વાભાવિક છે. હિંદુસ્ત્રીસ્વભાવના આ અંશની ખરી પરીક્ષા આમાં સમાયેલી છે. બેત્રણ વરસની બાળકીની માતા બીજી ગર્ભવતી સ્ત્રીને પુત્ર જન્મે તો તેની સાથે પોતાની પુત્રીનો વિવાહ કરવા કોલ આપે અને બાળકીને કમનસીબે પુત્ર પ્રસવે તો પાંચ છ વર્ષની પુત્રીને ત્રણ ચાર વર્ષના પુત્ર સાથે પરણાવે એ હિંદુસંસારમાં આશ્ચર્યની વાત નથી. સાસુ કે વડસાસુ બનવાનો ઓરીઓ વીતવાના ક્ષણિક સંતોષને અર્થે પુત્ર કે પુત્રીના ભવિષ્યના સુખનો વિચાર પણ તેમના મનમાં આવતો નથી

અને તેમના સંસારસુખની વેલ ઉગી ન ઉગી એટલામાં ખુંદાઇ જાયછે અને હમેશને માટે નષ્ટ થાયછે. આવા દાખ- લા હલકી કોમોમાં જ જોવામાં આવેછે એમ નથી પરંતુ ઊંચી કહેવાતી સુધરેલી જાતિઓમાં પણ ઘણી વખત આવું બનેછે એ ખરેખર શોકજનક છે. આવાં કજોડાંમાંથી નિ- પજતાં હાનિકારક પરિણામો જોઇનેજ ભીમરાવનો દૃઢ મ- ત થયો હતો કે વરવધૂ વચ્ચે ઓછામાં ઓછો પાંચછ વર્ષનો ફેર હોવો જોઇયે. આ સ્થિતિનું વર્ણન કર્યા પછી ક- વિ તે યુવતીની સાસરે ગયા પછીની દશાનું સચોટ ચિત્ર આપેછે. જોબનમાં ખીલેલી યુવતીની સ્હાથે ન્હાના વરની વર્તણુક, સાસરિયાનાં મ્હેણાં, સાસુ, નણંદ વગેરેના કચડાગી ભરેલા બોલ, ખરી પ્રીતિનો અભાવ વગેરે અનેક દુઃખના અગ્નિમાં બળતી યુવતીના હૃદયામાંથી સ્વાભાવિક રીતે જ ઉદ્‌ગાર નીકળશે કે "સહુ દુખમાં દુખ નહાના વરનૂં દુઃખ- જો"; અને પછી તે દુઃખનાં મૂળકારણ પોતાનાં માબાપને શાપ દે કે "કિયે જનમ છુટશો એ જનની તાતજો, આ- વે કર્મે પડો હળાહળ નરકમાં" તેમાં કાંઈ આશ્ચર્ય નથી લાગતું. બીજી ગરબીમાં પણ ઉપરના ચિત્રમાં વધારે ગાઢા રંગ પૂરી કવિ તેની છાપ ઊંડી બેસાડે છે; હિંદુ બાળકી આવી અનાથ દશામાં કરુણસ્વરે આક્રંદ કરી અનાથના ના- થ–દીનાનાથ–દુઃખહર્તા–હરિ પાસે આ દુઃખમાંથી છૂટવા મૃત્યુ માગેછે, ભૂંડા દૈવને ઠપકો દેછે, દુઃખસમુદ્રમાંથી ઈ- શ્વર શિવાય કોઇ તારનાર નથી તે નિશ્ચયપૂર્વક જાણી, ડુબતે ડુબતે ક્રૂર માતાને પોતાનું દુઃખ જોવા કહેછે; અને આવી રીતે અગ્નિ વિના બળતી, હિમ વિના શીત થતી, જાળમાં ફસેલા પંખીડા માફક તર્ફડતી આ બાળા માત- પિતાને શાપ દઇ, શિર ઉપર દુઃખનો ઘડો લઇ પરમકૃપાલ પ્રભુનો પાલવ સાહી તેને શરણે જાયછે અને અપરાધ મા-

ટે ક્ષમા માગેછે; એ હૃદયવેધક ચિત્ર અંતઃકરણની ખરી લાગણીથી ચીતરાયું છે એ નિઃસંશય છે. ત્રીજી ગરબીમાં કાંઈક શાન્ત મનથી તે યુવતી પોતાનું દુઃખ સહીયરને કહેછે. કજોડાના ફાંસામાં પડેલી શ્યામા પોતાનું શીયળ શી રીતે પળાય તે સંબંધી શંકા બતાવે એ અયોગ્ય નહીં લાગે કેમકે વાસ્તવિક રીતે એવી સ્ત્રીયોની વૃત્તિઓ અધમ થઈ જાયછે અને તે મન ઉપર અંકુશ રાખી સકતી નથી, છુપાં પાપાચરણ કરેછે એ સહજ અવલોકન કર્યાથી જણાશે. એવા સંયોગોમાં દૃઢ મન રાખી પવિત્ર રહેતી સ્ત્રીયો જવલેજ દીઠામાં આવશે; ત્હારે દેખીને દાઝવા કરતાં, આ યુવતી વિધવાપણાને સારૂં ગણે એમાં શી નવાઈ. કેમકે બાળવિધવા હોય તોપણ અમુક વખત વીત્યા પછી પાકી ઉમ્મરે પણ એ બાબતમાં નિરૂપાય છીયે એવા વિચારથી પણ મન વાળીને બેસે. આવી સધવા તથા વિધવાને સરખે સરખી કહેવામાં પણ કજોડાનું કનિષ્ટપણું બતાવેછેઃ કજોડાથી સ્ત્રીયોજ દુઃખી છે એમ નથી પરંતુ પુરુષ પણ એટલાજ રીબાય છે. અન્તે આ રીબાતી સ્ત્રી, નૈરાશ્યથી અને અનાથતાથી આર્તસ્વરે આક્રંદ કરે છે—ગમે તે ઉપાયે—વિષ પીને કે જળમાં પડીને પણ—મૃત્યુ માગે છે—અને "કસાઈ પકડી ગાય" મુકાવવા કરુણ સ્વરે ઉદ્ગાર કાઢે છે એ વાંચી સ્વદેશાભિમાન વાચકનું હૃદય પીગળ્યા વગર રહેશે નહીં. ભીમરાવનું હૃદય કેટલું સમભાવશીલ હતું, કોમળ તથા વિશાળ હતું તે તેમનાં આવાં કાવ્યો ઉપરથી સહજ સમજાશે. બાળલગ્ન, કજોડાં, વિધવાની દશા, સ્ત્રીશિક્ષણ વગેરે સંસારસુધારાના અગત્યના વિષયો ઉપર તેમણે યોગ્ય વિચાર કર્યો હતો, તે સવાલોનું મહત્વ સમજ્યા હતા અને ખરૂં હાર્દ જાણી લીધું હતું; અને હિંદુસંસારનું ઝીણી ન-

જરથી અવલોકન કરી એમાં રૂઢિના પ્રભાવથી ચાલતા આ-વા રીતરીવાજોથી નિપજતાં અનિષ્ટ પરિણામો જાણીનેજ, ચોથી ગરબીમાં, તે અટકાવવા લોકોને ઠપકો દે છે કે દે-ખતી આંખે અંધ થઈ કુવામાં શું કામ પડો છો ? માબા-પને આધારે પડેલાં કોમળ અજ્ઞાન બાળકને પરણાવવાથી તેમના સુખનો માર્ગ બંધ થાય છે, તે જન્મ સુધી દુઃખી થાય છે, તેમની મતિ મંદ થઇ જાય છે, બુદ્ધિ કાચી હોય તેવામાંજ આવા કામછંદથી તેમનાં અંગ તુટી જાય છે, શરીર રોગી થાય છે, વેહેલાં મૃત્યુ થાય છે, ઘેર ઘેર ફ-જેતી થાય છે, વિદ્યા જાય છે, લક્ષ્મી આવતી નથી, અને પરિણામમાં પ્રજા નિર્માલ્ય થાય છે એ પ્રત્યક્ષ છે—અનુભ-વનો વિષય છે. એજ કજોડાને લીધે લોકો ગરીબ થયા છે, પોતાની લાજ ગુમાવી છે, રાજ્ય ખોયાં છે, અને ગુ-લામ જેવા બની ગયા છે એ વસ્તુસ્થિતિનું સચોટ વર્ણન પાંચમી ગરબીમાં આપે છે. કન્યા વેચવાના, સાટાં કરવાના, બાળક વરને કન્યા આપવાના, વૃદ્ધ વરને બાળકી આપવા-ના, માત્ર કુળ ઉપરજ લક્ષ રાખવાના, માત્ર પૈસો જોઇને જ કન્યા દેવાના અનેક ખરાબ રીવાજોનું દિગ્દર્શન કરાવે છે અને તેનાં માઠાં પરિણામ ગણાવીને એ રીવાજોને નિં-દી કાઢેછે. ખરેખરી વસ્તુ સ્થિતિ ચીતરવામાં કવિએ બી-લકુલ સંકોચ રાખ્યો નથી અને મન ઉપર દૃઢ અસર કર-વાને અર્થે સખત તથા સ્પષ્ટ શબ્દોમાં જે ચાબકા માર્યા છે તે વાંચી ‘અજ્ઞાનની રાત્રી’માં આપણો ‘અંધ દેશ’ ‘રંડા રૂઢી રાણી’ના કબજામાં આવી રહ્યો છે અને નિશ્ચેતન થઇ પડી ર-હ્યો છે તેને માટે દયા તથા શોકની લાગણીથી દરેક દેશહિ-ચિંતકનું અંતઃકરણ ખિન્ન થયા વગર રૂહેશે નહી.

'કરસનદાસ'ની ગરબી પણ સંસારસુધારા વિષયની છે. કરસનદાસ હિંદુસ્થાનમાં ઉત્પન્ન થતા ઉદાર, ધીર, ઉત્સાહશીલ તથા વિશાળ હૃદયના વિરલા નરોમાંના એક અગ્રગણ્ય હતા એ જગપ્રસિદ્ધ છે. મહારાજા લાયબલ કેસમાં તેમણે જે હિમ્મત બતાવી આગેવાની લીધી હતી અને લોકમતના વિરુદ્ધ પ્રબળ પ્રવાહ સ્હામે જે ટક્કર ઝીલી હતી તેવું મહાન કાર્ય કરનાર ભારતભૂમિમાં તો શું પણ બીજા સ્વતંત્ર વિચારના દેશોમાં પણ જવલેજ મળી આવેછે. એવા સ્વદેશપ્રેમી, ભારતવર્ષના વીરપુરુષનાં યશોગાન હિંદુપ્રજા એકે સ્વરે ન ગાય તો શરમાવાનું કારણ છે; એમના કાર્યની બુઝ જોઇયે તેવી-બલ્કે કાંઇપણ-જાણી હોય એવું જણાયું નથી. વિધવાવિવાહના સંબંધમાં એમણેજ પ્રથમ પગલું ભર્યું હતું અને ત્યાર પછી મન, કર્મ તથા વાણીથી-તેમાંથી ગમેતે એક પ્રકારે પણ-મર્હૂમ મહાદેવ ગોવિંદ રાનડે, કાશીનાથ તેલંગ, શેઠ માધવદાસ રૂગનાથદાસ, ભોળાનાથ સારાભાઇ, મહીપતરામ રૂપરામ, તથા દા. ભાંડારકર, ઑા. જ. ચંદાવરકર, રા. બા. લાલશંકર ઉમિયાશંકર વગેરે સદ્‌ગ્રહસ્થોએ મહાન પ્રયાસ કર્યાછે. કરસનદાસનાં કાર્યને આપણે જ પ્રશંસીયે છીયે એમ નથી પરંતુ અંગ્રેજો પણ એમના જીવનચરિતનો અભ્યાસ કરેછે અને એમની યોગ્ય સ્તુતિ કરેછે તે થોડાં વર્ષ ઉપર 'ધી ગૂજરાત કૉલેજ લીટરરી સોસાઇટી'માં અમદાવાદમાં ઉત્તર વિભાગના લોકપ્રિય કમીશનર ઓ. મી. લીલીએ આપેલા National Hero નામના વ્યાખ્યાન ઉપરથી સ્પષ્ટ માલૂમ પડેછે; તેમણે તેમાં કરસનદાસને આવું મહાન નામ આપ્યું છે અને એમના ચરિતનું સંપૂર્ણ રીતે વિવેચન કરી તેમાંથી સંસારસુધારાના પક્ષને જે શીખવાનું છે તે બતાવ્યું છે. આવા નરના અકાળ મૃત્યુથી ભીમ-

રાવ જેવા સ્વદેશવત્સલ હૃદયને શોક થાય અને તેના ઉ-દ્‌ગાર રૂપે આ કાવ્ય તે હૃદયમાંથી નીકળે એ સ્વાભાવિકછે.

સને ૧૮૮૫ ના મે મહીનાની તા. ૭મી ને ગુરુવારે વડોદરાના મહારાજા સયાજીરાવનાં ધર્મપત્ની મહારાણી ચમ-નાબાઇનો અકાળે સ્વર્ગવાસ થયો. તે પ્રસંગે ભીમરાવે 'સ્મ-રણ ચિહ્‌ન' નામનું કાવ્ય લખ્યું હતું; અને તે જુલાઈ મા-સના બુદ્ધિપ્રકાશના અંકમાં પ્રસિદ્ધ થયું હતું. કરસનદાસની ગરબી જેમ સ્મરણાર્થ (In. Memorium) છે તેમ આ ગરબી પણ સ્મરણાર્થ છે અને તેથી જ તેનું નામ 'સ્મરણ-ચિહ્‌ન' રાખેલું છે; પરંતુ આમાં જેટલું કવિત્વ સમાએલું છે તથા કલાવિધાન વાપરેલું છે તેટલું પ્રથમની ગરબીમાં જો-વામાં આવતું નથી; નહીં તો શોકોદ્‌ગાર તો બન્નેમાં સ્વાભા-વિક રીતે નીકળેછે. કોઈ મ્હોટા માણસનું કે તેના કોઈ સગા-વહાલાનું મૃત્યુ થાયછે ત્હારે પદ્યબદ્ધ શોકોદ્‌ગાર—સહજ હોય કે નહીં તોપણ—કાઢવાની આજકાલ રૂઢી (fashion) થઈ ગઈ છે. સામાન્ય લેખકો સંખ્યાબંધ એવા લેખ લખે છે પરંતુ સાધારણ રીતે તેમાં સમાયેલાં વર્ણનમાં તથા તે ઉદ્‌ગારમાં અસ્વાભાવિકતા જોવામાં આવેછે. તેવાં પદ્યોથી આ બન્ને કા-વ્યો જૂદાજ પ્રકારનાં છે—આમાં ઉચ્ચ ભાવનાઓનો સમા-વેશ થયેલો છે; અને જેમ પેલાં કૃત્રિમતાવિશિષ્ટ પદ્યો મરસીયા કે લલિત પદમાંજ સામાન્યતઃ લખાયેલાં જોવામાં આવે છે તેમ ન કરતાં આવી ગરબીયોની રાહ પસંદ કરવા-માં પણ આ પદ્યોમાં વિશેષતા રહેલી છે. અસ્વાભાવિકતા તથા અસત્યના દોષથી દૂર રહી આ મહારાણીના ચરિતનું વર્ણન સંક્ષેપમાં સાદા શબ્દોમાં સરળભાવથી આપેલું છે. આ શોકપૂર્ણ પણ મધુર કાવ્ય સંપૂર્ણ સ્વામિભક્તિથી ખરી

અંતઃકરણની લાગણીથી પ્રેરિત થઈ ઉદ્‌ભવ્યું છે. લાવણ્ય, સૌંદર્ય તથા પ્રેમના વિચારોમાં રમતું—તેમાં તન્મય થઈ ગયેલું—હૃદય લાવણ્ય, સૌંદર્ય તથા પ્રેમની મૂર્તિરૂપ રાણીના અકાળ સ્વર્ગવાસથી—જાણે પોતાના એ વિચારોદ્યાનમાં વાસ કરતી અધિષ્ઠાત્રી દેવી એકાએક અદૃશ્ય થઈ ગઇ હોય એમ—નિરાશ થઇ જાય છે અને શોકપૂર્ણ થઇને કહે છે કે 'જન કોની નવ પિગળાય, કઠણુ પણુ છાતિ ઘણી'.

અમુક ભાવ સ્હામા મનુષ્યમાં છે તે જાણવાને અને તે સંપૂર્ણ રીતે સમજવાને—તેની કદર કરવા માટે—એવોજ ભાવ પોતાના હૃદયમાં હોવો જોઇએ—એવા ભાવનો અનુભવ પોતાના હૃદયમાં થયો હોવો જોઇયે; અને એવીજ રીતે એવા ભાવ કવિતામાં આણુવાને માટે પણુ તે ભાવોનો સ્વાનુભવ થવો જોઇયે નહીં તો ખરૂં કવિત્વ આવી સકતું નથી. આ નિયમને આધારે જોઇશું તો સમજાશે કે ભીમરાવનું હૃદય સામાન્યતઃ સર્વોત્કૃષ્ટભાવગ્રાહી હતું. એમના હૃદયદોલા ઉપર માત્ર શૃંગાર, કરુણુ વગેરે કોમલતાના અંશવાળા રસ તથા એવાજ પ્રકારના ભાવો આન્દોલન કરતા હતા એમ ન હતું; પરંતુ તે વીરરસ જેવા પ્રૌઢ રસો તથા ભાવો સંપૂર્ણ રીતે અનુભવી સકતા હતા; સ્વદેશવત્સલતા શું છે તે સારી રીતે સમજતા હતા અને જાતે તે બતાવતા હતા; 'પૃથુરાજ રાસા' એનું એક મ્હોટું દૃષ્ટાંતછે; અને હિંદભૂમિને આવાહન કરી, તેની પૂર્વ સ્થિતિનું ભાન કરાવી, તેને ઉન્નત દશાએ પ્હોંચવાને ઉત્સાહન કરતું ગઝલની રાહમાં લખેલું આ ન્હાનું કાવ્ય બીજું દૃષ્ટાન્ત છે; અને એવાં અનેક દૃષ્ટાન્ત એમનાં કાવ્યોમાંથી સ્થળે સ્થળે જડી આ-

વેછે. આ ગઝલમાં હિંદભૂમિને ઉપાલંભપૂર્વક ભૂતદશાનું સ્મરણ કરાવેછે અને વર્તમાન સ્થિતિ સાથે સરખાવેછે. ઘણી રસમય અપૂર્વ રીતિયે, સંક્ષેપમાં પૃથુરાજ, વિક્રમ, રઘુવર, અભિમન્યુ વગેરે શૂર સુરિયો આપણી નજર આગળ ખડા કરેછે. અને પછી જન્મભૂમિના હિમાયતીઓને, પ્રેમ, શૌર્ય, તથા સ્વદેશપ્રીતિથી દેશની ઉન્નતિને માટે યત્ન કરવા પ્રેરણા કરેછે—પ્રોત્સાહન દેછે. દુષ્ટબુદ્ધિનો નાશ કરવો એ આ કાર્યમાં એક ઉત્તમ અને જરૂરનું સાધન છે. દાસત્વનો પાશ તજવાનું કહેવામાં પણ એજ હેતુ છે કે જ્હાં સૂધી હૃદય ઉન્નત થશે નહીં, જ્હાં સૂધી સ્વશક્તિ ઉપર આધાર ન રાખતાં બીજા ઉપર આધાર રાખી બેસી રહીશું—ધર્માંધતા, અજ્ઞાન, રૂઢીબંધન વગેરે અધમતા અને દીનતા તથા હીનતા આણનારા પાશોમાં સપડાયલા પડી રહીશું અને તેમાંથી છૂટવાને પ્રયત્ન કરીશું નહીં ત્હાં સૂધી દાસ જેવી નીચ તથા અધમ દશામાં રહીશું. આ ગઝલમાં કેટલીક લીંટીયોમાં અવિશદત્વનો દોષ આવી ગયેલો જણાશે પરંતુ કાવ્યનો અર્થ સ્પષ્ટ થવામાં કાંઈ બાધ આવતો નથી. આખા કાવ્યમાં 'સ્વદેશપ્રીતિની હેલ રેલી' રહી છે.

પ્રેમનાં ભિન્ન ભિન્ન સ્વરૂપ છે. ભીમરાવના હૃદયમાં આ સ્વરૂપો વશી રહ્યાં હતાં અને તે સર્વેનાં પ્રતિબિંબ એમની કૃતિયોમાં પડેલાં છે. સ્વદેશપ્રીતિ, રાજ્યભક્તિ—પ્રેમ, સૃષ્ટિ સૌંદર્ય ઉપર પ્રેમ, સમસ્ત જનમંડળ ઉપર પ્રેમ, પુરાતન સાહિત્યપ્રેમ, વીરજન પ્રતિ પ્રેમ, માતૃપ્રેમ, પિતાપુત્રપ્રેમ, ભ્રાતૃભગિનીપ્રેમ, પતિપત્નીપ્રેમ, વગેરે અનેક ન્હાના મ્હોટા પ્રકારનાં પ્રેમનાં સ્વરૂપો, મેઘદૂત, દેવલદેવી, પૃથુરાજરાસા તથા એમનાં આ કાવ્યોમાં પ્રકાશી નીકળતાં જણાય છે. તેથી ભીમરાવની કૃતિયોનું યાથાર્થ્ય સમજવાને

માટે વાચકનું હૃદય પણ એવી રીતે પ્રેમમય—એ અનેક પ્રેમસ્વરૂપોથી અંકુરિત—થયેલું હોવું જોઈયે. ભીમરાવનાં કાવ્યોમાં પ્રેમ જૂદે જૂદે સ્વરૂપે જાણે ઓતપ્રોત થઈ ગયે હોય એમ લાગે છે. પ્રેમ એમનાં કાવ્યોની કુંચી છે. પ્રેમ એ એમનાં કાવ્યોમાં પ્રધાન સૂર (Key Note)રૂપે રહેલોછે. એ સ્વરૂપોમાંનાજ એક સ્વરૂપ—સ્ત્રીપુરુષ વચ્ચેના પ્રેમ—થી પૂર્ણ હવે પછીની ત્રણ ગરબીયો—પ્રેમોત્સવ, પ્રેમચંદ્રોદય, તથા પ્રિયસંયોગાર્જન—છે. 'પ્રેમોત્સવ' શૃંગારરસથી પરિપૂર્ણ, ઉત્તમ પ્રકારના કવિત્વયુક્ત, ઉત્કૃષ્ટ કલ્પનાઓ તથા અલંકારથી વિભૂષિત રસીલું કાવ્ય છે. સંસ્કૃત શૃંગારપ્રધાન કાવ્યોની છાયા આમાંની કલ્પનાઓ વગેરેમાં આવી છે. સુંદર વસ્ત્રો તથા આછાં અલંકારોથી દીપતી, ઠાઠમાઠ કરી શણગારાયલી. ફાગણ શુદી પૂર્ણિમાની રાત્રીએ ગરબે રમવાને નીસરતી યુવતી-રમણી—નું ચિત્ર પ્રસિદ્ધ કવિ—ચિત્રકાર રાજા રવિવર્માની પિચ્ચિકાથી ચીતરાવા યોગ્ય નીકળ્યું છે. સાસરે હોળી રમવા જવાનો રીવાજ સામાન્યતઃ ગૂજરાતમાં આપણામાં સર્વ ઠેકાણે જોવામાં આવે છે અને પૂર્ણિમાને દિવસે ગરબા ગાવાનો રીવાજ પણ સાધારણ છે; તે પ્રસંગો પસંદ કરી આવી ઉત્તમ રીતે મધુર શબ્દોમાં વિગતથી, તેનું વર્ણન કરવામાં કવિની રસિકતા જણાઈ આવે છે. બીજી ગરબી 'પ્રેમચંદ્રોદય'માં એક અવિવાહિત યુવતી પોતાના પ્રિયતમને સંકેત સ્થાને મળવા જતી કલ્પી છે. સ્હવારમાં સ્વચ્છ થઇ સુંદર શણગાર સજી ઘેરથી નીકળી સરિતાને તટે મનોહર વનમાં થઇને જતી તે યુવતીનું ચિત્ર, તથા તે સમય તથા સ્થળનું વર્ણન, ઘણું મોહક છે; જો કે આ કાવ્યમાં પ્રથમના કાવ્યમાં છે તેવું ઉત્તમ કવિત્વ

દીઠામાં આવતું નથી, પરંતુ વર્ણન વિગતથી પણ રસમય અં- શો ચુંટી કહાડી આપ્યું છે. તે સુંદરી પ્રીતમની વાટય જોઇ આંબ તળે ઊભી રહે છે, વિચાર કરે છે, 'ચકિત થઇ ચિન્તે છે' કે 'હજી ક્યમ નવ આવિયોરે લોલ,' ઘડીકમાં બેસે છે, ઘડીકમાં ઉભી થાય છે, ચિત્તમાં અસ્વસ્થ થાય છે, થોડે દૂર જઇ જૂવે છે, ઘેર સહુ વાટ જોતાં હશે તે માટે ગભરાય છે, શું કરવું તે સૂઝતું નથી, કોઇનો પડછા- યો દેખી છેતરાય છે, પણ આખરે ખરેખરા પ્રીતમને દે- ખે છે, તે પ્હેલાં નીસાસાથી કુંપળ સમાન અધર સુકાઇ જાય છે, આતુર થઇ જાય છે, પણ પ્રીતમને જોયા પછી સ્વસ્થ થાય છે, મળવાને ઉત્સુક થાય છે, હૃદય પ્ર[illegible] ફુલ્લ થાય છે, મળે છે; દેખાને શરમાય છે, પ્રીત[illegible] લાવે છે ત્યારે નીચું જુવે છે, આલિંગન દેવા જ[illegible] થા ચુંબન કરવા જાય છે ત્યારે હાથ તરછોડી દૂર કહાડે છે; પ્રીતમના મનની સ્થિતિ, તેનો દેખાવ, તેણે કહેલા બો- લ, સુંદરીને લોકલાજની બ્હીક, બન્ને વચ્ચે પરણવાનો કોલ, સખીને આ સર્વ હકીકતનું વર્ણન કરવું અને સુંદરી- ની પ્રતિજ્ઞા, આ સર્વ બ્યાન ઘણું સ્વાભાવિક છે, અને સ્ત્રી પુરુષના મનની સ્થિતિની ઘણી ઝીણી નજરથી પરીક્ષા ક- રીને કરેલું છે; સુંદરી હિમ્મત કરીને એકાંતમાં મળવા ગઇ છે છતાં પણ તેની સ્વાભાવિક શરમાળ પ્રકૃતિનું પ્રાબલ્ય જ- ણાઇ આવે છે અને પુરુષની ધૃષ્ટ પ્રકૃતિ આગળ આવે છે. ત્રીજી ગરબી 'પ્રિયસંયોગાર્જવ'માં પતિના વિયોગથી પી- ડિત પત્ની દૂર દેશ ગયેલા સ્વામીને કાગળમાં પોતાના મ- નની વિરહપીડા કહેતી, અને સત્વર પાછા વળવા વિનવ- તી ચીતરી છે. આ ચિત્ર સંક્ષેપથી ચિત્તાકર્ષક સરળ શબ્દો- માં આપ્યું છે. પતિવ્રતા સ્ત્રીના મનની, સ્વાભાવિક રીતે, આવે

સમયે જે દશા થાયછે તે વર્ણવેછે. ઘરમાંથી સર્વને પ્રિય એવું મનુષ્ય કોઇ વખત ઘણા લાંબા કાળ સુધી દૂર દેશ જાયછે ત્યારે પતિ, પત્ની કે સગાં સંબંધીને તો વધારે ઓછો ખેદ થાયછે, સર્વને બધું ઘર વગેરે સૂનું લાગેછે એ વસ્તુસ્થિતિ સ્વાભાવિક છે અને સર્વના અનુભવમાં આવી હોવી જોઇયે; પરંતુ ઘરમાં પાળેલાં પશુ પક્ષી—કૂતરાં, ઘોડા બીલાડાં, પોપટ વગેરે—ને પણ એથી એવીજ ખેદની વૃત્તિ ઉત્પન્ન થાયછે—કેટલાક વખત સુધી ખાતાં પીતાં નથી અને દીલગીરીમાં મગ્ન થઇ જાયછે, એ ઘણાના જોવામાં આવ્યું હશે. એ અવલોકન કરીનેજ રસિકભાવથી એ અંશ પસંદ કરી કવિ તે વિયોગિની પાસે લખાવે છે કે " ......મીની પડેછે વિચાર, પ્યારા તારી પાળીરે, પીયે ન મૂકું દોહી દોહીને." ગરબીની રાહ કવિએ ભાવ તથા રસને અનુકૂળ જ પસંદ કરી છે.

'આણુ' નું કાવ્ય અપૂર્ણ છે તે કાવ્યના બંધારણ ઉપરથી જ માલમ પડેછે તેમ ભીમરાવે પણ હસ્તલેખમાં 'અધુરૂં' એમ લખેલું છે. એમણે કવિતા કરવાનો આરંભ કર્યો હશે તે સમયમાં જ આ કાવ્યની ઉત્પત્તિ થઈ હોવી જોઇએ કેમકે એમનાં બીજાં કાવ્યોમાં જોવામાં આવેછે તેવી કાંઇ વિશેષતા આ વર્ણનાત્મક કાવ્યમાં દેખાતી નથી. માત્ર સૃષ્ટિસૌંદર્ય જોઇને થતી હૃદયની સ્ફુરણાનો આવિર્ભાવ થએલો છે.

સને ૧૮૮૭ માં મહારાણી વીકટોરીયાની જ્યુબિલીનો મહોત્સવ સમસ્ત ભારતવર્ષમાં પાળવામાં આવ્યો હતો; તે સમયે પ્રજાવર્ગનાં હૃદય હર્ષથી પ્રફુલ્લિત થયાં હતાં; તે પ્રસંગે ભીમરાવે 'જ્યુબિલી (વિનોદિની)' કાવ્ય

રચ્યું હતું. અમદાવાદમાં તે અવસરે ભરાયેલા દરબારમાં આ મધુરૂં કાવ્ય ગાવામાં આવ્યું હતું; અને તે પછી તે જ વર્ષના માર્ચ માસના બુદ્ધિપ્રકાશના અંકમાં પ્રસિદ્ધ થયું હતું. આ કાવ્યનું કવિત્વ અનુપમ છે; અને તેમાં સત્યવિરોધી અંશ કાંઇપણ નથી, તેથી તે સમયને માટે રચાયેલી, અને મહારાજા ૭ મા એડવર્ડના રાજ્યાભિષેકની ક્રિયા દિલ્હી શેહેરમાં થઈ તે ઉત્સવને પ્રસંગે રચાયેલી કહેવાતી બીજી કવિતાઓ કરતાં આમાં વિશેષતા સમાએલી છે. આ કાવ્યનો પ્રકાર જ જૂદો તથા અપૂર્વ છે કેમકે સંક્ષેપમાં જ્યુબિલીના શુભ અવસરે થયેલી પ્રજાના હૃદયની સ્થિતિ અને તેથી ઉત્પન્ન થયેલા આનંદ તથા ઉત્સવ એ સર્વેનું વર્ણન રસિકતાથી આબેહુબ આપેલું છે; નિરર્થક અંશ અંદર દાખલ કરેલા નથી; ખોટી ખુશામતનો હેતુ કાઢી નાંખી ખરેખરી વસ્તુસ્થિતિ બતાવી છે અને તેથી આખા કાવ્યમાં સ્વાભાવિકતા આવી છે. કાવ્યમાં રાજ્યભક્તિ રેલાઇ રહી છે અને તેની સાથે સ્વદેશપ્રીતિનો પ્રવાહ ભળી ગયો છે કારણ કે એ બે પ્રવાહ એક બીજાથી જૂદા રહી સકતા જ નથી. 'ઉદાર મનમેળતણું મહાત્મ્ય', 'રાજા પ્રજાનું અતિશે હિત ચિંતવ્યું તેં, 'જાણી સ્વજાતિ અબળા જન કેરિ દાઝ', 'ઉત્તુંગ રાજગુણ', 'આલ્હાદકારિણી', 'તેં પ્રજાજન તણાં સહુ દુઃખ કાપ્યાં', દેશોન્નતિ કરિ સુજીવન દાન આપ્યાં', 'પ્રજાપ્રતિ સહૂ ઉપકાર કીધા', 'વિદ્યાતણો વિમળ જ્યોતિ દિધો વધારી', 'તેં કોઇ કાળ વચનો દઇ ના ઉથાપ્યાં, તેં માતૃભક્તજનનાં ભવકષ્ટ કાપ્યાં', 'તેં શૌર્ય પોષ્યું અતિ ઉત્કટવીર પ્રેર્યા' વગેરે સુંદર અને યથાર્થ શબ્દોથી મહારાણીનું ચરિત વર્ણવ્યું છે, અને ઉત્કૃષ્ટ ચરિતથી ઉત્પન્ન થયેલી દિવ્યકીર્ત્તિ

જગતમાં સ્થિર રહે એવી યોગ્ય શબ્દોમાં કવિ પ્રાર્થના કરેછે 'જે ઠામ ઠામ રઝળ્યો શુભ પાત્ર કાજે ' તે કોહિનૂર, અને જેને નાદિર હરી ગયો હતો તે મયૂરાસન—હિંદુસ્થાનનાં બે અમુલ્ય આભૂષણોનું સૂચન ઘણી રસિકતાથી કર્યું છે. તેજોરાશિરત્ન કોહિનૂર સંબંધી એમ કહેવામાં આવે છે કે ઈ. સ. ૧૩૦૪ માં માળવાના રાજાના પરાજય પછી તે હીરો સુલતાન અલ્લાઉદ્દીન પાસે આવ્યો. માળવાના રાજા પાસે તે ઘણી પેઢીઓથી ઉતરતો આવ્યો હતો. ૧૫૨૬ માં હુમાયુએ જીત કરીને એ મેળવ્યો; અને જ્યહારે એ ઔરંગજેબના કબજામાં આવ્યો ત્યહારે તેણે સુપ્રસિદ્ધ મયૂરાસનના મયૂરની એક આંખ્ય તરીકે તેને ઉપયોગમાં લીધો હતો. ૧૭૩૯ માં જ્યહારે નાદીરશાહે મહમ્મદશાહનો પરાજય કર્યો અને દિલ્હી લૂટ્યું ત્યહારે ત્યહાંના તોષાખાનાના ઝવેરાતમાં આ હીરો નહોતો; પણ મહમ્મદે એ લઇને પોતાની પાઘડીમાં સંતાડ્યો છે એમ જાણ્યું ત્યહારે નાદીરે, મોગલ પાદશાહની સાથે સલાહ કર્યા પછી તેને રાજ્ય પાછું સોંપતી વખતે દબદબા ભરેલી રીતે રાજ્યાભિષેકની ક્રિયા કરી અને સલાહની નીશાનીમાં મોગલ પાદશાહ સાથે અરસપરસ પાઘડીયો બદલવાનું કહ્યું; અને આ તદબીર કરી તે હીરો સ્વાધીન કરી લીધો; પાઘડી ઉકેલીને જ્યહારે નાદીરે તે હીરો પ્રથમ જોયો ત્યહારે તે 'કોહિનૂર' (તેજોરાશિ) એમ બોલી ઉઠ્યો; તે ઉપરથી તેનું એ નામ પડ્યું કહેવાય છે; અને તે નામે તે જગતમાં પ્રસિદ્ધ છે. નાદીરના મૃત્યુ પછી તે તેના પુત્ર શાહશેખ પાસે ગયો. જેણે અંતે દુરાની અફગાન રાજ્યનો પાયો નાંખનાર અહમદશાહ દુરાનીને તે આપી દીધો. અહમદશાહે તે તેના પુત્ર તૈમૂરશાહને વારસામાં આપ્યો; અને તેના વંશજો પાસેથી તે રણજીતસિંહને હસ્તક આવ્યો. ૧૮૩૯ માં રણજીતના મૃત્યુ પછી

લાહોરના તોષાખાનામાં તે હીરો રાખી મૂક્વામાં આવ્યો હતો; અને ૧૮૪૯ માં પંજાબ બ્રીટીશ મૂલકમાં જોડાઇ ગયું અને તે રાજ્યની મીલ્કત ઇસ્ટ ઇન્ડીઆ કંપનીએ જપ્ત કરી લીધી ત્હારે એમ કરાર કરવામાં આવ્યો હતો કે કોહીનૂર ઈંગ્લાંડની મહારાણીને ભેટ તરીકે આપવો; તે ઉપરથી લૉર્ડ ડૅલાહૌસીએ તે સ્વાધીન કર્યો અને ૧૮૫૦ માં ઇંગ્લાંડ મોકલી દીધો. આ સર્વ ઇતિહાસ 'જે હામ હામ રઝળ્યો શુભ પાત્ર કાજે' એ એકજ લીટીમાં સમાવી દેવામાં કવિનું કલાકૌશલ્ય સ્પષ્ટ જણાઇ આવે છે. આવી રીતે વૃત્તાંતનો મુખ્ય અંશ લઈ સંક્ષેપમાં સર્વ વૃત્તાંતનું સૂચન થાય એવી અપૂર્વ શૈલી 'પૃથુરાજ રાસા'માં પણ જોવામાં આવે છે. મહારાણીને તેમના કાકા વંદનાર્થે પાયે પડે છે અને તે જોઈ મહારાણી વિનયથી પ્રેમાશ્રુ પાડતાં પાડતાં કાકાને નમ્ર મુખે ઉચકે છે એ વર્ણન પ્રેમની, વિનયની, હૃદયની કોમળતાની પરિસીમા બતાવેછે. કવિની સહૃદયતા આવા અંશો પસંદ કરવામાં બહુશઃ સમાયેલી છે, આ બધા ગુણો ઉપરાંત આ સંગ્રહને અગ્રે મુકેલી લાવણ્યમયીમાં રહેલા સર્વ ગુણો આ કાવ્યમાં પણ દેખાયછે; અને જેમ 'લાવણ્યમયી' શબ્દનું યાથાર્થ્ય તે કાવ્યમાં સિદ્ધ થયું છે તેમ આ કાવ્ય વાચકના મનને વિનોદ આપેછે તેથી તેના 'વિનોદિની' નામનું યાથાર્થ્ય પણ સિદ્ધ થયું છે.

આરંભમાં જણાવ્યા પ્રમાણે ભીમરાવની ઇચ્છાનુસાર એમની સઘળી કૃતિયો હવે પ્રસિદ્ધ થઇ ચૂકી છે. તે સર્વ કૃતિયોમાં જૂદા જૂદા પ્રકારની વિશેષતા રહેલી છે. અને સમસ્ત કૃતિયો જોતાં વિચારશીલ વાચકને જણાશે કે તેમાં વિચિત્રતા–વિવિધતા–તથા કાંઇ અપૂર્વ ચૈતન્ય સ્ફુરી રહેલાં છે; મનુષ્યજીવન તથા પ્રકૃતિ જીવન, સામાજિક રીતરીવા-

જો, સૃષ્ટિસૌંદર્ય વગેરેનું બારીકીથી અવલોકન કરી તે ઉ- પર સૂક્ષ્મ વિચાર કરેલા ભાસેછે; પુરુષ તથા સ્ત્રીવર્ગનાં જનમંડળમાં યથાયોગ્ય સ્થાન દર્શાવવામાં આવ્યાં છે; અને સંપ કુસંપ, નીતિ અનીતિ, ધર્મ અધર્મ, સંધિ વિગ્રહ, કા- યરતા શૌર્ય વગેરે દ્વંદ્વો, કામ, ક્રોધ, મોહ, વગેરે વિકાર, ત- થા મોજશોખ, સ્વદેશાભિમાન, ધૈર્ય વગેરે ગુણ દુર્ગુણોનાં સ્વરૂપો સ્પષ્ટ કરી બતાવ્યાં છે અને તેથી નીપજતાં ઇષ્ટ અનિષ્ટ પરિણામોનું ઉત્તમ રીતિએ નિરૂપણ કરી દીધું છે. આવી ઉત્કૃષ્ટ કવિતાથી આપણા ગૂજરાતી સાહિત્યને કેવો અને કેટલો લાભ થશે, ભીમરાવની અસાધારણ કવિત્વ- શક્તિને લીધે એમને કવિ તરીકે કેટલી ઉચ્ચ પદવી મ- ળવી જોઇયે વગેરે પ્રશ્નોનો નિર્ણય વર્તમાન સમયમાં થ- ઇ સકવો મુશ્કેલ છે; અને તેથી તેવા પ્રશ્નોનો નિર્ણય ક- રવાનું કાર્ય ભવિષ્યકાળને સોંપીને ઇચ્છવું કે

"કીર્ત્તિ સદા સ્થિર રહે જગમાં કવિની"

એજ યોગ્ય છે.

અન્તે જણાવવું જોઇયે કે આ સંગ્રહમાં આવેલાં કા- વ્યોને મથાળે, જે રાગોની રાહે તે કાવ્યો ગવાયછે તે રાગ રા. મુ. કૃષ્ણરાવ ભોળાનાથના બતાવ્યા પ્રમાણે મૂકેલા છે.

લાનોલી.
તા. ૧૦–૬–૦૩

સ. ભી.

અર્પણ.

§ લાવણી.

ભ્રાતૃભાવભીની ભગિનિ !
    વ્હેનોં હો ! હૃદય મ્હારૂં ઉભરાય,
    અમીરસ પ્રેમતણો નવ માય,
    સમુજ્જવલ શુદ્ધ અહીં રેલાય,
    વહીને ચાલ્યો જો જો જાય;—
ધીમું ધીમું સરતું રમતું કંઈ ગેલ કરતું જાય,
ગાન આ રસીલું ઝીણું ઝીણું શ્રવણ સુખકારિ ગાય.
    મધુર ઝરણું દિવ્ય અનુપમ ધાય,
    સરિતા જળ શીતળ શું ફેલાય,
                                        વ્હેનોં હો ! ૧

    ને તુજ કોમળ હૃદય થકી સરી,
    સરિતા આ સ્નેહ તણી મધુરી,
    ગભીર ને શાન્ત ઉંડૂં જળ ધરી
    વહી તે વિલસતી ગૌરવ ભરી;—
મનતમ સઘળું ઘોર ઘોઇ સર્વ વિષાદ હરી,
નયનઠારણ સરળ સુખકારણ વિમળ કલ્લોલ ભરી,
    સુધાશું ધવલ મૃદુ સુહાસ્ય કરી,
    ભળી મુજ પ્રેમસરિતશું પ્રસરી,
                                        વ્હેનોં હો ! ૨

    વત્સલ માયાળુ પ્રિય શુભ માત,
    રસીલાં વ્હાલાં ભગિની ભ્રાત,
    ને વળી સગાં સહોદર સાથ,
    સહુતણાં હૃદય થકી સંગાથ,

---

§ હૃદયવીણાના અર્પણની રાહ.

ઝરતાં ઝરણાં પ્રેમતણાં કંઈ પ્રૌઢ પ્રશાન્ત,
વ્હેતાં આવ્યાં લસત લસત તે રમ્ય મનોહર કાન્ત,
કરંતાં મંજુલ મર્મર નાદ,
કીધો સંગમ, મન દે આહ્‌લાદ,
વ્હેની હો ! ૩

નાચતું નાવલું નૌતમ નૂર,
દિસે તે સરળ ગતિ ત્હાં દૂર,
ઓપતું રંગ સુરંગે પૂર,
દિપે દિવ્યકર્ણધાર ચતુર;
જુજવાં અનુપમ પ્રેમ સ્વરૂપ ધરેજ મધુર,
તે સર્વપ્રેમજળહિમફલકે ઘડયું નાવલું ભાસુર,
તહિં ઈંદ્રધનુષા રંગ પ્રચુર,
ભળિયા જળમાંહિં પ્રસરી દૂર;
વ્હેની હો ! ૪

અને તે કર્ણધાર-પ્રિય તાત-
હૃદયતરુનાં કુસુમો શુભકાન્ત
વેરિદે કરિ વાસિત દિક્‌પ્રાન્ત
જ્હાં વહો પ્રેમસુધારસ શાન્ત,—
મોહન કુમળાં સુહાગ પુષ્પ અનેરીજાત્ય,
વીણ્યાં વીણી અંજલિ ભારેને રસથી ધર્યા છે હાથ,
કરે અર્પણ આજે તુજ ભ્રાત,
તું સ્વીકારિને દે આશીર્વાદ,
વ્હેની હો ! ૫

અનુક્રમણિકા.

શુદ્ધિપત્રક.

પૃષ્ઠ.	પંક્તિ.	અશુદ્ધ.	શુદ્ધ.
૨	૨૪ (ફુટનોટ).	ધર્ય	ધૈર્ય
૩	૧૨	‘સુંદર૦ રાજેરે’, એ ૧૩ મી પંક્તિ જોઇયે.	
૪	૨૬	‘સત’ શબ્દ ૨૫ મી પંકિતમાં જોઇયે.	
૭	૩	કુમારિરે	કુમારીરે
૮	૪	સર્વે	સર્વે,
,,	૫	પર્વે	પર્વે,
,,	૧૦	નાચી	નીચા,
૯	૨	પ્રમાણે	પ્રમાણે,
,,	૧૬	તંતર	તંતર,
,,	૧૭	મંતર	મંતર,
૧૨	૨૨	નિશ્ચ	નિશ્ચે
,,	૨૬	પંખિડુ	પંખિડું
૧૩	૨	છૂટશોરે	છુટશોરેં
૧૭	૧	વરસે એ,	વરસે, એ
૧૮	૧૭	કરતા	કરતાં,
૧૯	૨	બધ	બાધ
૨૧	૩	ધણુ	ઘણું
૨૨	૧૩	પછાવ	પછાય
૨૩	૧૮	સ્મરણુ ચિન્હ	સ્મરણુ ચિહ્ન
૨૪	૩	સજી	સ્ત્રજી
,,	૧૪	ચડે ‘	ચડે,
,,	૨૪	૦તા૦ તે૦	૦તા૦.૫ મુકો

			સુખ તેં૦
૨૫	૬	રાખા	રાખી
૨૫	૧૮	લેશ,	લેશ
૨૭	૨૨	પ્રીતી	પ્રીતિ
,,	૨૫	ફુટનોટ ૨૬ મા પાના નીચે જો- ઇયે.	
૨૮	૮	વીડ	વડી.
,,	૧૪	પર્ણુમેરે	પૂર્ણુમેરે
૨૯	૧	કણુ	કુણું
,,	૧૧	લેાાલ	લોલ
૩૧	૧૯	કર્યૂં	કર્યૂં
૩૨	૮	લોલ,	લોલ;
૩૪	૧૦	‘દિવસ’ શબ્દ ૯ મી લીટીમાં જોઇયે.	
૩૫	૧	૫૧	૧૫
૩૯	૭	ક્યાંનુ	ક્યાંનું
૪૦	૧૯	સુમૂતિ	સુમૂર્તિ
૪૨	૩	વાર	વીર
૪૩	૩	ઊિંચે	ઊંચે
,,	૪	લલા	લિલા
૪૪	૧૭	આાદ્રિ	અદ્રિ
૪૫	૧૮	ઋડ્દ્ધિ	ઋદ્ધિ
,,	૨૪-૨૫	પવિવ	પવિત્ર
૪૭	૫	ઊત્કર્ષે૦	૧ઊત્કર્ષે૦

લાવણ્યમયી.

રાગ—કલ્યાણ.

અરુણ તરુણ આ ઉદય થયો સહુ જાગો સૂતા લોક,
આળસ તજિ શુભ [1]સુવ્રતવસ્ત્ર સજિ હરખે મુકવો શોક,
સૂર્યઉદય આ ભાસે. ૧

વિભુવર્ણન ઉપકારસ્મરણ કરિ નમન મનન દિનરાત,
જનસુખકારક ભવઉદ્ધારક ઉદય ઉદય વિખ્યાત,
કાર્ય સફળ શુભ કરતો.[2] ૨

સદ્ગુણધારણ સત્કૃતિકારણ વિમલ હૃદય વર્ણાય,
ધીરજ દૃઢપણ સત્યવિવેકે સંપ સજેથી થાય,
મહદ્યશનાં મહાકર્મો. ૩

જગદ્વ્યાપ્ત સંતતસ્થિતિમાં પરિપૂર્ણ પ્રેમ સાક્ષાત્,
દયાગુણે ભરપૂર ભરી તું ધર ગરવી ગુજરાત,
વસન ઉપવન મન હરતાં. ૪

સમનિયમે સદ્વૃત્તિ વધારી ધારી જીવની દાઝ,
ઉદ્ભવ કરતો દુખ સંહરતો પ્રગટ્યો ધર્મસમાજ,
ક્લેશ કલહ લય કરતો. ૫

દુરાચાર બહુ ત્યાગ કરી કરિ વિનય નિરંતર પુણ્ય,
તિમિર વિદારી કુત્સિતપટ કૂહાડી પ્રદીપ્ત કરવા શૂન્ય,
જ્યોતિ સકલ જયમ[3] શિવનો. ૬

ધર્મ વધારો શુભ ગુણ ધારો તારો દિન[4]અતિ રંક,

---

૧. સુગુણ. ૨. વ્યાં. ૩. પતિનો. ૪. જન.

સદાચરણપ્રતિપાલનસમયે નિશ્ચય થવું નિઃશંક,
એજ વચન ગુરુ ઉચરે. ૭

નામ સમાન મહાન કરી બહુ હામ ધરી ધરિ કામ,
ઉજ્વલયશ પૂર્વનો અધિક કરિ ધુવો દુરિત સહુ શ્યામ,
અધમ મતિ તજિ ધરમુળથી. ૮

પાપ થયે ક્ષય સત્ય વિષે જય દયા સુકૃત કહેવાય,
સમવૃત્તિ પરમાર્થ ન્યાય એ, એજ ધરમ શ્રુતિ ગાય,
કર્મ બિજાં સહુ ખોટાં. ૯

આ અવસર આકાશ સ્વચ્છ સંપૂર્ણ સ્વભાવે શાન્ત,
મધુર વાયુ નદિયો નિર્મલ વન મોહન કામ વસંત,
નિરાશા નિંદ્ય નકામી. ૧૦

ઉઠો ઉઠો અજ્ઞાન નિવારણ [1]શૌર્યબળે ભડવીર,
ભય કરિ દૂરજ [2]ધૈર્ય ધરો તો તેથિ થવું તરિતીર.
સુધીર સુલક્ષણ નરનું. ૧૧

ડુબ્યું ડુબ્યું જન આવિ ઉગારો ધર્મ વિશે કરિ ઢીલ,
વિદ્યા સંપત વીર્ય વધારી પુરુષ સ્ત્રીયોનાં શીલ,
એ નાગરનિ વિભૂતિ. ૧૨

એકલપેટો સ્વાર્થ તજી તજિ ઈર્ષ્યાને અભિમાન,
એક દિલે હંગામ કરી ફરિ લુંટો લુંટાતું માન,
માન સમાન ન કાંઇ. ૧૩

ઉદ્યમ વાડી લહિ નરનારી કૂહાડી દુર્મતિશૂલ,
પરમકૃપા[3]છાયે મળી રમતે ગ્રહો સુગુણનાં ફૂલ,
સુવાસિત દેશ વિદેશે. ૧૪

---

૧. ધર્ય. ૨. શૂર. ૩. છાયામાં રહીને.

સ્ત્રીશિક્ષા.

ગરબી ૧.

રાગ—કાફી—મ્હાડ.

અલબેલાં રે શારદમાત,[1] પુજવાને જઇએ,
વરદાલિરે વિદ્યામાત, પુજવાને જઇએ,
બલિહારિરે શક્તીસાર, પુજવાને જઇએ; * —ટેક.
(મા) પુજવા જઈએ સુખિયાં થઇએ,
પ્રેમ–સુધારસ[2] લઈએરે,
નવલબ્રહ્મલીલામાં નાહી,
કાન્ત[3] સ્વરૂપે થઈએ;—
પુજવાને જઇએ. ૧
અંબા ભવાની મોટી માયા, સુંદર છબિલી રાજેરે.
ગૌરવરણિને શુભ્ર વસન છે,
સર્વ સ્થળે એ બિરાજે;—
પુજવાને જઇએ. ૨
મુખ મલકાતું સુખને આપે,
કરુણાદ્દષ્ટે ન્યાળીરે,
બ્રહ્મસુતા ભગવંતતણી એ,

---

૧. શારદ=શારદા; સરસ્વતી.

* આ ટુકો નર્મ કવિતામાં છે તે ઉત્તમ જાણી તેની તેજ રાખી છે.

૨. પ્રેમરૂપી સુધારસ; અમૃતનો રસ માગી લઇએ.

૩. રૂપે કાન્તિવાળાં થઈએ; તે શરીરનું રૂપ નહીં પણ મનનું રૂપ–મનના ગુણથી રૂપવાળાં–સદ્દગુણથી શોભાવાળાં અથવા ‘કાન્ત’ એટલે પ્રિય, વર તેના રૂપમય—તેને રૂપેજ થઇએ.

કોમળ હસતી બાળિ;—
પુજવાને૦ ૩

દુખમાં સુખ કરેછે માતા,
સુખમાં અદકૂં સુખરે,
રોમ રોમ આનંદ જ વ્યાપે,
અનુભવતાં એ સુખ;—
પુજવાને૦ ૪

લક્ષ્મી થકી એ શક્તિ મો'ટી
કોટિ ગુણ ભંડારરે,
એને તજિ લક્ષ્મી સેવે તો,
દુખનો નાવે પાર;—
પુજવાને૦ ૫

ચપળ જાત અંતે એ પરની,
સરસ્વતી શ્રીકારરે,
તેહ ભજે ધનમાલખજાના,
સકળ સૃષ્ટિનું સાર;—
પુજવાને૦ ૬

પ્રિયવિરહે સુખ કરિ મન ઉભરા
શમવે ગાતી ગીતરે,
સારમય સહુ દુનિયાં ભાસે,
પ્રીતિ પૂરણ ચિત્ત;—
પુજવાને૦ ૭

અનહદ લોહી શાન્ત કરે છે,
એની નિરાળી રીતરે,
નીતિ નિયમ વિવેક પન્થ
સત શિખવે થાય અજીત—
પુજવાને૦ ૮

અગ્નિ બળતો અમ્બુ[૪] શમાવે,
દુખભડકાતો માતરે,
અક્ષય કીર્તિ માવડી કેરી,
વિશ્વ વિષે વિખ્યાત;—

પુજવાને૦ ૯

રીતભાત સહુ શાણી શિખવે,
શિખવે પ્રીતકટાક્ષરે,
ભર્તાવશનો મહા મંત્ર મૂકે,
[૫]તનુ-સેવનં કમલાક્ષ;—

પુજવાને૦ ૧૦

મુજ મન ઇચ્છા આજ વશી મા,[૬]—
બાળક શિખવે કયારેરે,
વહેમ મુકીને રહેમ કરે જન,
તેમ થવાનું ત્યારે;—

પુજવાને૦ ૧૧

વાંકો વળી મધુરે મુખ માતા,
શિખવે સુંદર બોલીરે,
વિચિત્ર થઇને બાળક હસતૂં,
બોલે અક્ષર તોળિ;—

પુજવાને૦ ૧૨

માતપિતા હિન્દૂ આ સમયે,
પ્રેમે પુત્રી ભણાવોરે !
ધર્મઅન્ધબન્ધનને તોડી,
શારદ સાથ લડાવો;—

પુજવાને૦ ૧૩

---

૪. અમ્બુ=પાણી. ૫. તનુ=બાળક. (આ અર્થ પ્રાકૃતછે.)

૬. માતાઓ બાળકને ક્યારે શિખવશે ! સ્ત્રીઓ એવી ક્યારે થશે કે પોતાનાં છોકરાંને લખતાં વાંચતાં શિખવે !

સત્ય સમજતી વનિતા થાશે,
ગાશે સહુ ગુણગ્રામરે[૭],
સર્વ કરમનાં દુખડાં જાશે,
[૮]સુખ-વા વાશે આમ;—
પુજવાને૦ ૧૪

પુરુષપરાક્રમ ત્યારે જોશો,
જ્યારે ભામનિ ભણશેરે,
બાળા જ્યારે શાળા બેશી,
કાળા અક્ષર ગણશે;—
પુજવાને૦ ૧૫

છેક છકોરી છકી ગયેલી,
થોડું ભણે અભિમાનરે,
તેહ તણો કોઇ સંગ ન કરશો,
ગણજો ગયલી શાન;—
પુજવાને૦ ૧૬

મ્હેની સહુ વિદ્યાને સેવો,
જે રુપગુણભંડારરે,
લેખણ પુસ્તક લઇ સિંહાસન,
બેઠી [૯]બ્રહ્મ-કુમાર !
પુજવાને૦ ૧૭

ગરબી ૨.

રાગ—કાફી.

('અંબા જોવાની આડીરે, નીરખું મોરી માડી.')

વિદ્યા પૂજ્યાની આડીરે, મારા મનમાં છે માડી,
વિદ્યા પૂજ્યાની આડીરે, મારા મનમાં છે માડી.—ટેક.

---

૭. ગુણગ્રામ=ગુણનું સમગ્ર, સર્વે ગુણ.
૮. સુખ-વા=સુખનો પવન.
૯. બ્રહ્મ-કુમાર=બ્રહ્મકુમારી.

સુન્દર દેશમાં ગુણભરી નારી,
બાળપણે રમી રમતો સારી,
પાંચ વરસની કુમારિરે, મારા મનમાં છે માડી. ૧
ત્યાર પછી લહે અક્ષર બાળા,
નહાના પાઠ વિચિત્ર રસાળા,
શીખ સમજની વાડીરે, મારા મનમાં છે માડી. ૨
ગાયન કવિત સુબોધ ગણિત સહુ,
હુન્નર હિકમત ભણિ ગણિને બહુ,
ફીંદી વિદ્યા વન-ઝાડીરે, મારા મનમાં છે માડી. ૩
જગત જુવે જુવે જન તે જગતના,
ધર્મનીતિં નિયમો વળિ વગના,
ભણિને છકે તે અનાડીરે-મારા મનમાં છે માડી. ૪
ઘરધંધો ઝિણી નજરે શિખવે,
ભરત ભરી નર-હુન્નર નિપવે,
દિપવે દેશ [1]છબી ફૂહાડીરે-મારા મનમાં છે માડી. ૫
સ્ત્રી થકી થાય તે થાય ન નરથી,
અન્તર દાખવે ગણશે અન્તરથી,
સાદરે શોભશે સાડીરે—મારા મનમાં છે માડી. ૬
આદરથી સન્માનજ કરશે,
કપટિ કુડા હિણ માર્ગથી ફરશે,
તરશે સમુદ્ર અગાડીરે-મારા મનમાં છે માડી. ૭
નારીને પ્રાણથી પ્યારી ગણશે,
જ્ઞાનનું ફળ ત્યારે લણશે,
ભણશે જયારે વેણીવાળીરે-મારા મનમાં છે માડી. ૮

૧. લખવાની અથવા રંગવાની કલમથી.

રાજપતી કહે આજ જીત્યો છે,
હિન્દુ મુલક સહુ વશમાં વિત્યો છે,
તેહ પ્રતાપ તો [2]ચ્યારીરે—મારા મનમાં છે માડી. ૯
અંગ[3] [4]ફિરંગની અંગના સર્વે
કુશળ થઈ ચ્હડિ[5] જો સુખ—પર્વે
ઈચ્છયો વરી રહે લાડીરે—મારા મનમાં છે માડી. ૧૦
અહિયાં તો માતપિતા પેચે પેચે,
અણસમજુ બાળ બાળકી વેચે,
જયમ ત્યમ લગન લગાડીરે—મારા મનમાંછે માડી. ૧૧
પશુ કરતાં પણ રીતિ નીચી
બાંધે બીજે ઘર આંખજ મીચી,
જનની બને હત્યારીરે—મારા મનમાંછે માડી. ૧૨
પુષ્પકળી સમ યૌવન ખીલે,
રસિક હૃયાનાં પદ વાંચી લે,
ઝીલે અનીતિમાં ભારીરે—મારા મનમાં છે માડી. ૧૩
પછી ભણવૂં ને ગણવૂં તે કયાંથી,
અક્ષર પણ ઉકલે જયાં ત્યાંથી
ફોગટ લવતી લવારીરે—મારા મનમાં છે માડી. ૧૪
ખાવૂં પીવૂં ને હરવૂં ફરવૂં,
નિન્દા કરતાં કરતાં મરવું,
પૂજા કરી કરવી ચાડીરે—મારા મનમાં છે માડી. ૧૫

---

૨. તેઓ સાચું કહેછે કે તેમનો આદર કર્યાથી તેમનો અમારા ઉપર પ્રેમ વધેછે; તેને લીધે, તેમજ તેમની ઉશ્કેરણીથી અમારી મ્હોટાં કામ કરવાની હોંસ વધેછે. ૩. અંગ; ઇંગ્લંડની. ૪. ફિરંગ; ફ્રાન્સ વગેરેની. ૫. ચ્હડી—ચ્હડીયાતી થઇ; ઉંચી પદવી પામી. (એના સુખના દિવસમાં.)

મૂર્ખ રહે ને નાત તે જાણે
સર્વ જગત એમાં સમિયું પ્રમાણે
આણે મતી એવી જાડીરે—મારા મનમાં છે માડી. ૧૬
વ્રત કથાને દરશન કૂટણુ,
લાલચ લાગતે સર્વ ગણી તૃણુ,
સહુ વાતે જાય આડીરે—મારા મનમાં છે માડી. ૧૭
સોળ વરસનીને સુંદર છાજે,
બાર તેરના વર તો બિરાજે,
રાજે જુગલ નરનારીરે—મારા મનમાંછે માડી. ૧૮
કાચિ વયે કુરતી રૂડી કાયા,
ચૌદ વરસના બાપ લજાયા,
માયા સંસારી ચખાડીરે—મારામનમાં છે માડી. ૧૯
ઘર લાગે દુખ કેરો દરિયો,
રીબાઇ મરેછે પુરુષને પરિયો,
નિર્બળ ચાલે નાડીરે—મારા મનમાં છે માડી. ૨૦
કામણુ ટૂમણુ ફોગટ તંતર
વશ કરવાના ધંતર મંતર
અંતર પાપણી ખારીરે—મારા મનમાં છે માડી. ૨૧
તેવી તણું મન વહેમે ભમાવે,
જોગી જતી ઝટ લાજ ગુમાવે,
વલ્લભિયા વ્યભિચારીરે—મારા મનમાં છે માડી. ૨૨
આળસુ નર દુખિયારી નારી,
હિંદુસ્તાનની શોભા સારી
તે છે વધારી નારીરે!—મારા મનમાં છે માડી. ૨૩
સદ્વિદ્યામાં સ્નાન જો કરશે,
અંતરનો મળ પળમાં ટળશે,

ફળશે બુદ્ધિકુમ દહાડીરે[૬]—મારા મનમાં છે માડી. ૨૪
લેખણુ તું લખતાં કહિ થાકે,
તોય કઠોર ન સમજે કાંકે,
સમજુ સમજશે સારીરે—મારા મનમાં છે માડી. ૨૫
લખતે કલમ થઇ જાય જો બૂઠી,
કેમ ફરે મતિ જે ઘણિ રૂઠી,
સુન્દરી લેશે વિચારીરે—મારા મનમાં છે માડી. ૨૬

કજોડું.

બાળલગ્નનિષેધક સભા વાસ્તે. ઇ. સ. ૧૮૭૫.

ગરબી ૧.

રાગ—મ્હાડ.

'આસો માસો શરદ પુનમની રાતજો.'

કેવી પ્યારી મારા દુખની વાતજો,
ક્હેતામાં ઉભરાઈ જાયે કાળજૂં. ૧
માંડી ક્હેતાં બ્હેની ક્હેની કેમજો,
ડૂમો દાબૂં દુખનો મારા દીલમાં. ૨
સાત વરસની જાણી સાચી પ્રીતજો,
ઉઘાડૂં છૂં હૈયૂં તારી ખાતરે. ૩
બાળા જ્યારે બેત્રણુની અજ્ઞાનજો,
સ્નેહ વધાર્યો સાસૂ સાથે માડિએ. ૪
ગર્ભવતીની જાણી ઝાઝી દાઝજો,
કોલ કર્યો આ પુત્રી તારી આજથી. ૫
ભોગ કરમના ઉપજ્યો તેને સુતજો,

---

૬. દહાડી=રોજ.

કે ઉપન્યો કૂહે વેરી પેલા ભવ તણો. ૬
ત્રણ વરસનો પરણાવ્યો નાનો બાળજો,
વડસાસૂનો વીત્યો મોહોટો ઓરીયો. ૭
મરી ગઈ ના જોવા રહિ દુખ લેશજો,
ગાળો દેતી ઓછી થઇ એક ડાકણી. ૮
વરસ વીત્યાં વહિ ચાલ્યાં મનને વેગજો,
જોબન ખીલ્યૂં જેની મધુમાં માધવી. ૯
સ્વામીને તો ન મળે શુધ કે સાનજો,
કયાંથી સમજે સમજાવ્યો કઈં આંખમાં. ૧૦
જોઈ બળું હૂં વરને બાળે વેશજો,
તેમાં પાછી વિરહપિડા બહુ દોહલી. ૧૧
પાસે જાતાં આઘો આઘો જાયજો,
પૂછ્યો ઉત્તર વાળે નહિ વીચારિને. ૧૨
કોના આગળ જઈ કહું અંતર પીડજો,
શરમાણી બેસૂં જો સહિયરસાથમાં. ૧૩
લાજૂં દેખી મોહોટો થઇ મલકાયજો,
મૂછ મળે નાહિં માથે મો'ટી પાઘડી. ૧૪
સાસરિયાનાં મહેણાં સહેવાં રોજજો,
દાઝ્યા ઊપર ડામ દયા નહિં દૈવને. ૧૫
શાં શાં દુખડાં રડું આવે નહિ પારજો,
કૂહેવા જાતાં વધી પડેછે વેદના. ૧૬
આટલિ વયમાં વધી ગઈ વહુ ભુંડીજો,
સાસૂ કહે ઓચો ઉકરડા જેવિયો ! ૧૭
વહુને ધાકે ભાઈ ગયો સો'રાઇજો,
નણંદ મારે બોલ સહૂ તે સાંભળૂં. ૧૮
વહુ વર ઘરમાં નિશાળિયો કૂહેવાયજો,

હાંસી લાજે ભણુ ન ભરવૂં પેટ કયાં ? ૧૯
સહુ દુખમાં દુખ નહાના વરનૂં દુઃખજો,
હશે ખરૂં સૌભાગ્ય સુખી જે દંપતી. ૨૦
કિયા જનમનાં વેરી માને બાપજો,
કિયા જનમનાં પ્રગટયાં મારાં પાપરે. ૨૧
કિયે જનમ છુટશો ઓ જનની તાતજો;
આવે કર્મે પડો હળાહળ નરકમાં. ૨૨
હવે નથી કહેવાતૂં મેંથી કાંઈજો,
જાણૂંછૂં કે મોત વના નથિ છૂટકો. ૨૩

ગરબી ૨.

(ચાલ—શીખ સાસુજી દેછે રે.)

રાગ—કાફી—જંગલો.

હરિ વહેલૂ વહેલૂરે, મળે મૃત્યુ ત્યમ કરજે,
તે જિવતી મૂઈરે, વરી નહાનો વર જે; ૧
એ અંતર પીડારે, વેગરે તે જાણે,
કે જાણે તૂં હરિરે, અનાડી શૂં જાણે; ૨
કાળજડૂં કાપેરે, પુરો વર વેરી લહૂં,
પશુ એ નવ જાણેરે, કલંક તે કેમ કહૂં; ૩
અરે દૈવ ભૂંડારે, દયા નહિ ધારિ દિલે,
ઓ જનની જોજેરે, પુત્રી પીડમાંહિ ઝિલે; ૪
ડુબી દુઃખ સમુદ્રરે, ડુબી તે કેમ તરે,
કોણ તારે તેનેરે, નિશ્ચે તે માંહિ મરે; ૫
બહુ બોલું શું બહેનીરે, વધે પીડ વાણી વદે,
કરે લોકો વાતોરે, ન ઘરમાં કોને બદે; ૬
અગ્નિવિના બાળેરે, વિના હિમ શીત કરે,
જ્યમ પંખિડું જાળેરે, તર્ફડિ તેહ મરે; ૭

એ માત પિતા, ઓરે, કિયે ભવ આમ કરી,
કહો ક્યાં જઈ છૂટશોરે, આ લાહ્યમાં કેમ ધરી; ૮
આ બળતા દવમાંરે, કિયા અધિકાર થકી,
કયમ પકડી નાંખીરે, કરી નહી બીજી વકી; ૯
એ પૂરાં પાપેરે, ભયંકર નરક પડો,
પડો જ્યાં નહી છેડોરે, કહુંછું લડો કે રડો; ૧૦
પ્રભુ પાપણી થાઉંરે, ભર્યો શિર દુઃખઘડો,
તે માટે કરજેરે, ક્ષમા અપરાધ વડો. ૧૧

ગરબી ૩.

' કામણ દીસેછે અલબેલા તારી આંખમાંરે૦'

(પદ રાગ-કાફી-સોરઠ.)

બેહેની કેમ કરી દિન કહાડું, અંજન આંખમાંરે,
મીઠું ભાખ માંરે; બેહેની કેમ કરી દિન કહાડું.-ટેક.
લઘુ વય વરનું જોબન બાળે,
શ્યામા શિયળ શિ રીતે પાળે,
વાત વિચારી વાણીમાં લુણ નાંખ માંરે;
મીઠું ભાખ માંરે; બેહેની૦ ૧
આ થકિ તો વિધવાપણ સારૂં,
કોઇ સમય દુખ ઘટતું ધારૂં,
આ તો દાઝવું દેખી દેખી લાખમાંરે;
મીઠું ભાખ માંરે; બેહેની૦ ૨
અથવા એવી સધવા વિધવા,
સરખે સરખી દુઃખી કરવા,
બન્નેનાં અંતર છે બળતાં આગમાંરે;
મીઠું ભાખ માંરે; બેહેની૦ ૩

આ અવસર તો એમ વિચારૂં,
એક થકી પણ એક નઠારૂં,
અધિક અધિક નિત ધીકે ધિકતી રાખમાંરે;
મીઠૂં ભાખ માંરે; બેહેની૦ ૪

અરે દુખીલી એક ન અબળા,
પુરુષ રિબાતા દીઠા સબળા,
આર્ય વિષે દુખ દીસે સઘળી જાગમાંરે;
મીઠું ભાખ માંરે; બેહેની૦ ૫

કેમ કરૂં કો મૃત્યુ આપે,
વિષ પી પહોડૂં કે તે વ્યાપે,
ક્યમ છૂટું જઇ પડૂં ઉંડે જળ લાગમાંરે;
મીઠૂં ભાખ માંરે; બેહેની૦ ૬

ઓ માતા ઓ માતા તેં તો,
ગજબ કર્યો પરણાવીને તો,
વહાણ ડુબાવ્યાં ભરદરિયે વચ માગમાંરે;
મીઠૂં ભાખ માંરે; બેહેની૦ ૭

કેમ કરી જન્મારો કહાડૂં,
આમ દુઃખ શૂં દીધૂં આડૂં,
જન્મી ત્યારે ઝેર ન પાયૂં રાગમાંરે;
મીઠૂં ભાખ માંરે; બેહેની૦ ૮

અરે મુકાવો કોઇ મુકાવો,
કસાઈ પકડી ગાય મુકાવો,
અને શૌર્ય કાંક તો રાંકમાંરે;
મીઠૂં ભાખ માંરે; બેહેની૦ ૯

ગરબી ૪.

(બાળ-લગ્ન રંગ સમીપે ન જાવું.)

રાગ—કાફી—પીલુ.

દેખતે આંખ બની અંધ પડો, કેમ કુવે, દેખતે
આંખબની અંધ;
કોમળબાળકને પરણાવી, સૂખનો રસ્તો
પુરો બંધ કરો; કેમ-૧
જેહુ પડયું આધાર તમારે, જન્મ સુધી દુઃખિ,
મતિ મંદ કરો; કેમ-૨
તે નવ જાણે દુઃખની રેખા, મીનને ન જ્ઞાન,
જાળફંદ વડો; કેમ-૩
કાચે વયે તુટે અંગ બાળકોનાં, કાચિ બુદ્ધિમાંજ
કામછંદ વડો; કેમ-૪
રોગીરહે ક્ષીણ થાયનેમરેતે, વારિ વિના છોડ
પડે, અંધ ફરો; કેમ-૫
ફજેતિ ફાળકા ઘેર ઘેર ફરતા, તે ગણો શું જન્મ
આનંદ ખરો; કેમ-૬
વિદ્યા ન આવેને લક્ષ્મીએ જાએ, જાય પૂર્ણ સૂખ
તણાં કંદગણો; કેમ-૭
પ્રજા નિર્માલ્ય થાય જાય સહુ શોભા, દેશમાં નિરર્થ
હાનિ વૃંદ ભરો; કેમ-૮
માની કરીને મૂકશો કજોડાં, દેખશો સુદીન
સુખચંદ સુરો; કેમ-૯

ગરબી ૫.

(અલબેલિરે શારદ માત૦)

રાગ–કાફી–મ્હાડ.

કહું કર્મ કથા હું આજ, સુણજો લોક સહુ;
કેવા કેવા કજોડા બાજ, સુણજો લોક સહુ;
તે કેવી ગુમાવે લાજ, સુણજો લોક સહુ;
લાજ ગુમાવી રાજ ગયાં ને,
તાજવના પતરાજરે,
ગુલામ બનીને બન્યા ગરીબડા,
સહુ એહ કજોડા કાજ;–
સુણજો૦ ૧

કોઇએ વેચી કોઇએ હોરી,
કોઇએ સાટાં કીધાં રે,
એમ કરી આ કેર કરીને,
જગનાં મેહેણું લીધાં;–
સુણજો૦ ૨

બાળક વેરે વનિતા વરિ ને,
વરિ ને વરને વૃદ્ધરે,
કુળવંતા કે બળવંતા કે,
હોય ગમે તે સમૃદ્ધ;–
સુણજો૦ ૩

તેવા વરની કન્યા વંઠે,
ફિટકારે સહુ ધાઇરે,

કુટુમ્બમાં ગાળો વરસે એ,
ભૂગળ વના ભવાઇ;–

સુણજો૦ ૪

બાળ ન સમજે શું છે પરણવું,
પરણીને હરખાયરે,
રમત રમ્યાં જાણે તે મનમાં,
આગળ કેવી હોય;–

સુણજો૦ ૫

સ્વભાવ જૂદા ચિત્ત ન ચોંટે,
ન મળે મન રીતભાતરે,
અણગમતાં જોડાંમાં નિત્યે,
કલહ ક્લેશની વાત;–

સુણજો૦ ૬

ઊર લગી તો પુરો ન પોહોચે,
મુખે મારવા જાયરે,
હાથ પકડતી ગાલ આંબળી,
એમ ભવાડા થાય;–

સુણજો૦ ૭

નાહાનો વર વહુને ધમકાવે,
મનાઈને હરખાયરે,
આલિંગન દેવા જાતામાં,
માર્યો માર્યો થાય;–

સુણજો૦ ૮

વહુની સાસૂ કહે સ્વામીને,

તમે હતા પણ તેવારે,
મોહોટી થઈ પણ કંઈ ન સમજતા,
હવે પુરુષના જેવા;—

સુણજો૦ ૯

નીચ જનોમાં ગાળંગાળી,
મારંમારા હોયરે,
સમજી ગમતાં નવ પરણ્યાનાં,
મુરખાઓ ફુગ જોય;—

સુણજો૦ ૧૦

ચૌદ વરસના બાપ બન્યા ને,
મા જાણે જગ જીતીરે,
તીસ વરસના દાદા, દુનિયાં
એવી અહિંયાં દીઠી;—

સુણજો૦ ૧૧

વિધવાઓ તો વરિ સંન્યાસી,
સોહાગણ છકિ છેકરે,
પરાક્રમે વધિ પર્વત કરતાં
એક કરંતાં એક;—

સુણજો૦ ૧૨

અંધ દેશ અજ્ઞાનનિ રાત્રી,
રુઢી રંડા રાણીરે,
સમુદ્ર પડવા શંઘ ચલાવ્યો,
અરે બિચારાં પ્રાણી.—

સુણજો૦ ૧૩

કરસનદાસ*

' બેડો બાઈ બુડતો તારોરે, અંબે આઈ પાર ઉતારોરે.'[1]
(અથવા) ' હવે ફરિ ફારબસ જેવોરે,
અમલદાર મળશે એવોરે.'

રાગ—કલ્યાણ—મ્હાડ.

હવે કરસનદાસ જેવોરે, ફરી નર મળશે એવોરે !
ગયો કયાં પ્રિય તૂં કેવોરે, રડી રડી કહિયે તેવોરે ! ટેક.

કાચી ઉમરે સાચી કાયા, પાડ અચાનક ઈશ !
ન્યાય નહિં કરવા તે બેસૂં, કેમ કરી તેં રીસ ?
હવે૦ ૧

ઉરાડિ મૂકયો અડિ વેળાએ, અંતજ આવ્યો અકાળ,
રડવડતી નારી મુકિ ચાલ્યો, નહાનાં નહાનાં બાળ !
હવે૦ ૨

દેશ તણો સુર આથમ્યો આજે, કીર્તિ—પ્રકાશ કૃપાળ,
પશ્ચિમ હિન્દુસ્તાન ભૂમિની, પહેરી તેં વરમાળ.
હવે૦ ૩

કરસનદાસનું મૃત્યુ સાંભળિ, હાય કરે સઉ લોક,

---

* ઇ. સ. ૧૮૭૦ માં, કરસનદાસ મુળજીના મૃત્યુના સમાચાર સાંભળીને લખેલું.

૧. 'બેડો બાઇ બુડતો તારોરે, અંબે આઈ પાર ઉતારો રે ' એ લીટીઓમાં ગમે તેટલી ઉંચી પંક્તિની કવિતા છે તોપણ આ રાગ હવે મને જરાપણ ગમતો નથી. તોપણ એ પરોપકારી વીર વિષે તે વખતે જે લખાયું તે ખરૂં એમ જાણી રહેવા દીધું છે.

પ્રમુખ શિરોમણિ સત ધરનારા! હિણુ નિન્દે તે કોક.
હુવે૦ ૪
ઝાલ્યું નિશાન સુધારા કેરૂં, હોંસી જન કહે એમ,
અધવચ રસ્તે મુકી પ્રિય તે, પાડિને ચાલ્યો કેમ?
હુવે૦ ૫
સ્નેહી કુટુમ્બી રુદન કરેછે, આંસુ વહે ચોધાર,
સુની સહુ દુનિયાં ભાસેછે, ઉજવલ મટિયો આકાર.
હુવે૦ ૬
વન ગુજરાત ઘણાં મનહર તે, જનમન ભાસે ઉદાસ,
ફીકા તડકા ઉદ્યમ ફીકો, યશનો ટળ્યો આભાસ.
હુવે૦ ૭
રોજો સહુરે વિધવા નારી, સાંભળિ કૃષ્ણનું મૃત્ય,
વર્ષે વર્ષે આંસૂ પાડજો, જો કહિ નર રહે સત્ય.
હુવે૦ ૮
એના સ્મરણ થકિ જગપતિ પાળશે, જો ડરશો થતે પાપ
એહ ગયે રંડાઈ જાણો, ઉદર–ભૂમિ થયો શાપ.
હુવે૦ ૯
દીન તણો પ્રતિપાળ ગયો, ગયો ઊડિ શિક્ષાનો દેનાર;
દુખણી રઝળતી વિધવાઓનો, ગયો જીવન આધાર.
હુવે૦ ૧૦
થોડા દિનમાં જસનો લ્હાવો, લીધો લીંબડી માંહી,
કૃષ્ણે કીર્ત્તિ બાહુબળે, તેં બુદ્ધિ બળે બહુ લાહી.
હુવે૦ ૧૧
નિર્મળ નર એ જાણે તેને, મન તો દેવ અવતાર,

એક પુરુષ તેં શા શા ભજવ્યા, દિપતા વેશ અપાર.
હવે૦ ૧૨

આજકાલ તો બકવું રહેલૂં, કરવું કઠણુ ઘણુ કાંઇ,
વીર ચરે ત્યાં પાંગળા કયાંથી, સંચરે લાકડિ રહાઇ.
હવે૦ ૧૩

ભાષણુ ભવ્ય તે ભમર ચડાવી, કરતા બની વિદ્વાન,
અર્થ સમય નિરઅર્થ ભજે તે, ઘેટે ઘેટાં સમાન.
હવે૦ ૧૪

વખત નથી ત્યારે વખત તે કયારે, વખત વીત્યા પછી ભાઇ,
દુનિયાં તો એની એ રહેશે, કાલે જશો વળિ કયાંઇ.
હવે૦ ૧૫

ધન્ય ધન્ય કરશનદાસ તુજને, છોડી ન આદરી વાત,
શૂર તણાં સંધાન સફળ થવે, અર્જુન સમ થયો વિખ્યાત
હવે૦ ૧૬

થયો થવાનો તૂજ સમોવડ, આજ જણાય ન કોઈ,
ઉજ્વળ તારા જસને દેખી, જગ જાગેછે જોઈ.
હવે૦ ૧૭

વીર પુરુષને ચરણે નમીને, ચાલ્યો જોઈ જોઈ ચાલ,
ભ્રમના બન્ધ નિકન્દ કરી, જોયા સ્વર્ગસમા સહુ મહાલ
હવે૦ ૧૮

વિદેશ જઇ તેં દેશ વિશે વળિ, ફાળ ભરી વિકરાળ,
શિશુવધ કરવા કૃષ્ણ ચડયા ત્યમ, વ્હેમ–અસુરનો કાળ.
હવે૦ ૧૯

વણિક ચતુર નિવડયો નિશ્ચય તૂં, તારી અસલ હતિજાત

રંક તણા રખવાળ અરે કયાં, ચાલ્યો સુની ગુજરાત!
હુવે૦ ૨૦

ગુર્જર રાણિનું શરદે સુનેરી, શોભીતું સુન્દર વસ્ત્ર,
આંખુ પડયું ભર્તાર ગયો, દીસે વાગ્યાં દુખનાંશસ્ત્ર.
હુવે૦ ૨૧

હુસકે હુસકે લોક રુવેછે, લીંબડીમાં ઘેર ઘેર,
હુળિ મળિ મનવ્યા રાજના જનને, રાણી રુવે કરી પેર.
હુવે૦ ૨૨

ખોડતો નજરે કાંઈ દીઠી નહિ, સદ્પન્થ પળતે સામ,
આટલિ વયમાં અદ્ભુત કીધાં, કેવાં કેવાં કામ!
હુવે૦ ૨૩

અકાળ મૃત્યુ કેમ કીધું હરિ! કેટલાં કરત હજીય,
પાકયાં ન પાકયાં ફળ ફુલ બગડયાં, વૃક્ષ પડયું ત્યાં પછાય.
હુવે૦ ૨૪

આહા નહાની વયથી કાપી વલ્લભોં ઝેરી વેલ,
સૂજ્ઞ સુધારાબાગના માળી! ખૂબ મચાવ્યો ખેલ.
હુવે૦ ૨૫

અન્તર આમ ઉદાર કરીને, કપટિ બન્યો કહે કેમ,
ગુણ તારા નવ જાય ગવાયા, મુંજ મન દાઝે એમ.
હુવે૦ ૨૬

મધુર મુખ ત્યમ વાણિ મધુર વળિ, હૃદય મધુર પણ તેમ,
સ્વર્ગકૃપાની વૃષ્ટિ થઈ પ્રિય, ચાલ્યો પશ્ચિમે જેમ.
હુવે૦ ૨૭

ભણ્યો ગણ્યો તું એકજ દીઠો વીર બન્યો થતે દુઃખ,

નાજુક કાય કોડામણૂં કેવું, શોભતું સુન્દર મૂખ!
હવે૦ ૨૮
સીતાપતીનું નામ લઇ પછી, કહિયે મોહનરાય[1],
ભરતખંડના સૂર્ય સમો, તૂં શશિ સમ શોભે ત્યાંય.
હવે૦ ૨૯
ઇસવી અઢારને બતરી જનમ્યો, શિત્તેરમાં તજી દેહ,
તિમિર પ્રકાશી કાળવાદળમાં, આજ છવાયો એહ.
હવે૦ ૩૦
પણ તુજ મહિમા અક્ષય, તે કયમ કાળ થકી ઢંકાય,
કૃપામૃતે અમૃત પદ પામ્યો, જન મળી તુજ જશ ગાય.
હવે૦ ૩૧
કુટુમ્બની દુખીયારી અવસ્થા, દેખિને દુખી થાઉં,
કાન્તીમતી તુજ કીર્તી કહેવા, દેશ દેશ ઉડિ જાઉં.
હવે૦ ૩૨
આવી કોમળ કાયમાં કયાંથી, દૃઢ મન ધાર્યૂં ધીર,
ગુલાબની ઘટતી ઉપમા ગુણ, વાસે સુવાસિત વીર!
હવે૦ ૩૩

સ્મરણચિન્હ.

(ઇતિહાસની આરસી૦—એ ચાલ.)

રાગ—કાફી.

તું ભણિ ગણિને બહુ ડાહિ, ગુરુ ગુર્જરરાણી,
ગઇ કાળ સમુદ્રે વાહિ, ક્રૂર ગયો તાણી! ૧
જગ જાણી મ્હોટી વાત, ગાયકવંશ વિષે,

---

૧. રાજા રામમોહનરાય.

તું વસુધામાં વિખ્યાત, ગુણુનિધિથીજ દિસે; ૨
તુજ સરજનહાર અનેક પ્રયત્ન મહાન કરી,
તું અવનીમાંહી એક, સજી દેવાંશિ પરી; ૩
ગુણ તેવું સમરયું રૂપ, અલૌકિક એક કર્યું,
વિધિએ ઉપજાવિ અનૂપ, કૃતિ અભિમાન ધર્યું; ૪
પણુ નિર્દય થઇ ક્ષણુમાંહ્ય, હરી બહુ ખપ્પ કરી,
×જયમ વાયુ બળે કળિ જાય પુષ્પનીતેમ ખરી; ૫
સૌભાગ્યબળે મળ્યું રાજ્ય, ભોગવ્યું તે ન પુરૂં,
*થઇ લોપ કરી સહુ ત્યાજ્ય, મુકી સુખ તે અધુરૂં; ૬
શશિકેરિ પ્રકાશિ લગાર, કળા જયમ બીજ તણી,
થઇ અસ્ત વિભવનો ભાર, તજી તું વિરક્ત બની; ૭
આ શા વાદળના રંગ, ફરતી છાયાઓ,
સુખ ત્યાં શા દુઃખ પ્રસંગ, વિરલ વિભુમાયાઓ! ૮
તરુ એક ખિલે બિજું કરમાય, પડે+ વળિ કોઇ ચડે
કોઇ સૂતું જાગૃત થાય, હસે વળિ કોઇ રડે; ૯
આ[1] અસ્ત ઉદયના નીમ, કયમ કરિ કળવાના,
કરિ અદ્‌ભુત આણી સીમ, થયા તે પળવાના; ૧૦
પણુ વણુ અવસર વટિ જાય, મુકી જન નિજ રોતાં,
પુરું[2] કૌતક જેવું જણાય, કઠણુ કૃતિ છે જોતાં; ૧૧
તું સગાં સહોદર સર્વ, પ્રજાને મુકિ રોતી,
ધરિ ચાલી આ શો ગર્વ, હતી તે થઇ ખોટી; ૧૨
શો પિયુનો કળવો કલેશ, ગણી સર્વસ્વ તને,

× અતિ વાયુ વડે ખરિ જાય, પુષ્પની જેમ કળિ.

* તનુ તનુજને કીધો તાજ્ય, મુકી સુખ તે અધુરે.

+ ૦જન૦ ૧ એ૦ ૨ બહુ૦

નહિ એમાં કંઇ એ શ્લેષ, કહે દુખ કેવું મને; ૧૩
એ અંતર આણી દાગ, જતું અધવચ મૂકી,
કયમ ઘટયું શાણિ મહુરાજ, વિવેકનું પદ ચૂકી; ૧૪
નહિ થતિ અળગી ક્ષણુવાર, મળ્યો પતિ ગણિ મ્હોટો,
તુજ સંગ વહ્યો જનભાર, પડ્યો તારો તોટો; ૧૫
તેં રાખી એની લાજ, થઈ પ્રિય પ્રાણ થકી,
તું વિના બ્હિલો મહારાજ, તજી કયમ તેહ સકી; ૧૬
તુજ મન માન્યો વર એજ, વહૂ તું મનમાની,
કરિ આશ્રય વશિયાં બેજ, પરસ્પરનો જાણી; ૧૭
તું ખશિ પિયુ વણ આધાર, ટકે નિજ તેજ થકી,
પણ વિખુટો વન મોઝાર, મૃગ જેવોજ ધખી; ૧૮
તું સ્વર્ગ, પતિ આ ઠાર, ગઈ ભર જોબનમાં,
કયમ સુણે પ્રણય પોકાર, મુકયો તેં ભવરણમાં ! ૧૯
તુજ સમરી ગુણ શુભ સ્વચ્છ, સુરમ્ય ઉદાર ઘણા,
મ્હોટા જન ભાસે તુચ્છ, ઉંચા મનમાં ન મણા; ૨૦
દૃઢતા લજવે દૃઢવીર, તથાપિ પ્રેમ ભર્યો,
રુડું શીલ તથાપિ ગભીર, દયામય ન્યાય ધર્યો; ૨૧
બહુ બુદ્ધિ ઝિણી પણ લેશ, કદાપિ ન કૃત્રિમની,
થઇ વિનયે નમ્ર હમેશ, તથાપિ ન માનવની; ૨૨
ગુણ રૂપ તણોજ વિરોધ, વદે તે વ્યર્થ કરી,
તેં નવલો દીધો બોધ, રહ્યાં બે ઠામ ઠરી; ૨૩
પતિ દેવ ગણિ અણમૂલ્ય, પુજ્યો અતિ પ્રીત થકી,
શઇને વૈદેહી તુલ્ય, સ્વપદ તું ધારિ સકી; ૨૪
તુજ લિધે ચિમનવન ધામ, ખિલ્યાં મન માનવિનાં,
કહિ ચિમનાબાઈ આમ, હૃદયવિન શૂન્ય બન્યાં; ૨૫

તુજ સુંદર મુખને જોઇ, નિરંતર નાશ થયું,
ચિત શોક ભર્યું સહુ કોઈ, પ્રજાનું નૂર ગયું; ૨૬
ગઇ ગાયકવાડી રાજતણી શોભા સઘળી,
હતિ લોક તણી લખ લાજ, વશી તુજમાં સબળી; ૨૭
થઇ તે થકિ લક્ષ્મીરૂપ, સમક્ષ તું દેશતણી,
ગુણિને વિદ્યાનો કૂપ, પવિત્ર તું પૂર્ણ બની; ૨૮
ઉદ્યમ સાથે પરિભોગ, સુનીતિ વિરક્તિ લહી,
*નિરાલસ રુડિ કૃતિ યોગ, અલંકૃત એથિ થઇ; ૨૯
મતિ વૃત્તિ સુઘડ સમુદાય, પ્રવૃત્તિ વિશુદ્ધ સુણી,
જન કોની નવ પિગળાય, કઠણ પણ છાતિ ઘણી; ૩૦
ઘરિ પૂર્ણ કળા શણગાર, પુજ્યા પ્રભુ તેં હાથે,
રહે વિમલ કીર્તિ ×સંસાર, અમર આ પદ સાથે. ૩૧

ગઝલ.

રાગ–સોરઠ.

તને હિંદભૂમ ઘડી ઘડી શું * કહે રહુડી તું પડી પડી;
ગઈ કીર્તિને ગયું નામ એ, ગઇ લક્ષ્મીને ગયું કામ એ,
ગયું ધામ એજ તમામ હે, તને શું કહેવું ફરી ફરી ?
તને હિંદ૦ ૧.
ગયું વકત્ર કમાંઇ બધું, ગયું અંગ સૂકાઇ સુધું,
થઇ ગઈછું ચિંથરેહાલ તે કયમ જોઉં આંખ ભરી ભરી.
તને હિંદ૦ ૨

---

* તજ્યું આલસ સત્કૃતિયોગ૦ × ૦વિસ્તાર.

ગઇ તે ગુલાબી રંગની, ગઈ કાન્તિ તે પણ સંગની;
હસતી છબીજ ઉમંગની ગઇ તે સલૂણી કયાં ગઈ?
તને હિંદ૦ ૩

બહુ રમ્ય શૃંગારો ગયા, મન ઇષ્ટ આનંદે ગયા;
રક્ષકાર સામન્તે ગયા, થઇ ગઈછું ચિથરે હાલ તે.
તને હિંદ૦ ૪

ગયો કયાં પૃથૂ રણશીર એ? પણ કયાંહુ વિક્રમ વીર એ?
ગયો કયાં રઘુવર ધીરએ, સહુ શૂર સૂરિકયહાં ગયા!
તને હિંદ૦ ૫

બહુ વચ્ચ એકલવીર કયાં? સહુ વચ્ચ તે સુરપૂર કયાં?
અરિ વચ્ચ તે અભિમન્યુ કયાં? તને શું કહું હું ફરી ફરી?
તને હિંદ૦ ૬

કો હિમાયતી કો હિમાયતી, જન્મભૂમિનો કો હિમાયતી,
યત્નથી થતી, જન સા'યથી, વિભવે મથી, તું રડી રડી.
તને હિંદ૦ ૭

અરિ જંગમાં, અરિ જંગમાં, કરિ ભંગમાં, બહુ રંગમાં
તું જણાય કેવિ જિતે જડી, ગુણરૂપ નંદન સુંદરી,
બહુવીર બોલે તડી તડી. તને હિંદ૦ ૮

ભરિ માનમાં, તું ન માનમાં, જરિ સાનમાં, રાજાનમાં,
કહિ કાનમાં, લઇ ધ્યાનમાં, મદપાનમાં, સંતાનમાં,
તને હિંદ૦ ૯

બહુ પ્રેમને બહુ શૌર્ય ફેલિ, સ્વદેશ પ્રીતીનિ હેલ રેલિ,
સમસ્ત ઉન્નતિ ખેલ ખેલિ, જણાય જો તું ચ્હડી ચ્હડી.
તને હિંદ૦ ૧૦

---

* શું કહે બહુ૦

જય હોય હે, જય હોય હે, વિજયીપતાકા હોય એ,
રણતૂર વાગિ વિભા વધે, સહુ શૂર ગાય અડી અડી.
તને હિંદ૦ ૧૧

સંહારશસ્ત્રો ઊછળે, રિપુ રક્ત વસ્ત્રે જઈ મળે,
જયશબ્દ સ્વર્ગે જઈ ભળે, દિવ્ય પુષ્પ વૃષ્ટિ ખરી ખરી.
તને હિંદ૦ ૧૨

દુષ્ટ બુદ્ધિનો કરિ નાશ એ, દાસત્વનો તજિ પાશ હે,
કરિ એમ ઉન્નતિ ભાસ એ, કૃતિ થાય નિત્ય વડી વીડ.
તને હિંદ૦ ૧૩

પ્રેમોત્સવ.

ગરબી.*

રાગ—કાફી.

ગરબે રમવાને ગોરિ નીસરીરે લોલ,
તેજ કોટિ ચંદ્રનો પ્રકાશ, માસ પર્ણમેરે લોલ,
તાળિ દેતાં વાગે રુમઝુમ ઝૂમખાંરે લોલ. ટેક૦
દીપતે કપાળ મોતિસેરડીરે લોલ,
કંકુચંદ્ર શોભતો રસાળ, કાળિ ભમ્મરેરે લોલ;
તાળિ દેતાં૦ ૧

ચક્ષુ ચંચળા તે ચાલિ ચિત્તથીરે લોલ,
વદન નમ્ર માંહિ કુંળા ગાલ, બાલ શોભતીરે લોલ;
તાળિ૦ ૨

---

* આ ગરબીમાં પ્રાસની જરૂર ન દેખાયાથી મે-
ળવ્યા નથી.

કણુ માંહિ વાળિ વળી વાંકડીરે લોલ,
અધર તેમ કોટિ અમૃત ખાણુ, મધુર મૂખથીરે લોલ;
તાળિ૦ ૩

નર્મકદળિખંડસમી ડોકથીરે લોલ,
આસપાસ છાતિનો ભરાવ, ભાવ આણુતોરે લોલ;
તાળિ૦ ૪

વર્ણછાય ગોર એક હસ્તમાંરે લોલ,
પીચકારિ નંહાનિ લઇ સુનાનિ, રાગ મસ્તમાંરે લોલ;
તાળિ૦ ૫

હોંસથી હુલાવિ હસ્તવેલડીરે લોલ,
ચાલતી તું હંસતણુી ચાલ, પાગ શોભતારે લોલ;
તાળિ૦ ૬

છાજિ છાતિ છાનિ ગોરિ કૂચમાંરે લોલ,
ઉપમા ઘટે ન કોઇ એક, છેક સુન્દરીરે લોલ;
તાળિ૦ ૭

ઉદર રંગ સોહિ સોહિ લોભવેરે લોલ,
કૂમળી કટી, ભરાઇ જંઘ, અંગ મોડતીરે લોલ;
તાળિ૦ ૮

રંગમાં ડુબેલી નવજોબનારે લોલ,
વાસ કેસરી ભર્યૂં સુવાસ, કોરિ કંચુકીરે લોલ;
તાળિ૦ ૯

મોતી હીરાજ ગળૂબંધમાંરે લોલ,
તેજમાં તરેહદાર સેર પડે ચંદનીરે લોલ.
તાળિ૦ ૧૦

પુષ્પહાર શીષ ગળે હસ્તમાંરે લોલ,
હીંડતે સોહાય બેઉ પાય, વાજે ઘૂઘરીરે લોલ;
તાળિ૦ ૧૧

કામનીકરે કડાં કોડામણુંરે લોલ,
આછું આછું આભરણુ અંગ, જતી રંગમાંરે લોલ;
તાળિ૦ ૧૨

કાન્ત છબી માંહિ પડી ચાંદનીરે લોલ,
દીપતે પડયો શશી શું ઝાંખ, આંખ બોલતીરે લોલ;
તાળિ૦ ૧૩

એમ ઠાઠ માઠ કરી સુંદરીરે લોલ,
કાળિ બિંદિ કામ કેરું ચાપ, આપ ઓપતુંરે લોલ;
તાળિ૦ ૧૪

સાસરે સલૂણિ હોળિ ખેલવારે લોલ,
જાય અંગમાં ન માય રંગ ને ઉમંગમાંરે લોલ;
તાળિ૦ ૧૫

છાંટિ જરા કેસરે સુવસ્ત્રનેરે લોલ,
એકમેક તાકિ નેનબાણુ, કરે વાતડીરે લોલ;
તાળિ૦ ૧૬

ફાગણુ શુદીની રુડી રાતડીરે લોલ,
ખીલતો ભર્યો મદે વસંત, સંત ડોલતારે લોલ;
તાળિ૦ ૧૭

પુષ્પ પડયાં ગુલાલ ઊડતેરે લોલ,
ચિત્ર વિના ચિતરી અગાસી, શીશકે શશીરે લોલ;
તાળિ૦ ૧૮

રંગ જામ ઊડતાં વિનોદતાંરે લોલ,
બોલતાં ઘણાક શુદ્ધ બોલ, માર-લોલ થઇરે લોલ;
તાળિ૦ ૧૯

ગાય સંગ ત્યાં મૃદંગ વાગતોરે લોલ,
તે ભણાય સિદ્ધ કામ-મંત્ર, તંબુરા પડચારે લોલ;
તાળિ૦ ૨૦

સારંગીને સતાર બોલતાંરે લોલ,
ખેલતે ખિલ્યા ગુલાબિ ગાલ, દિસે ફૂલડાંરે લોલ;
તાળિ૦ ૨૧

નાદ મોરલી તણા સોહામણારે લોલ,
ઘૂઘરી પગે કરે અવાજ, સાજ વાજતાંરે લોલ;
તાળિ૦ ૨૨

કામિની કરે કરોડ કંથનેરે લોલ,
ધૂમ મચી એવિ ત્યાં ગઇ, થઈ સુશોભતીરે લોલ;
તાળિ૦ ૨૩

ઉડુગણો ઝંખાય દેખિ ઇંદુનેરે લોલ,
અંગ નાનું માન થયું ભંગ, સંગ સાથિયોરે લોલ;
તાળિ૦ ૨૪

પ્રીતમે કર્યું નિશાન સાનમાંરે લોલ,
પાસ આવિને રમ્યાંજ રંગ, જંગ પ્રેમનોરે લોલ;
તાળિ૦ ૨૫

કારીગરે કરેલિ પૂતળીરે લોલ,
એમ કોરિ કાં'ડિયા અવેવ, દેવઅંગનારે લોલ;
તાળિ૦ ૨૬

પી ચકારિ મારિ ભીંજિ ચૂંદડીરે લોલ,
આવતી પછી ચવાડયું પાન, માનની ભરીરે લોલ;
તાળિ૦ ૨૭

દેખી શરમાય પ્રિય પાસછેરે લોલ,
કોણ હોય જે ન મોહ્ય જોય, સોહ્ય એટલીરે લોલ;
તાળિ૦ ૨૮

ગરબે રમે તે ગોરી ત્યાં પછીરે લોલ,
કામિની મળી કરી પ્રદીપ, લીન સહુ જુવેરે લોલ,
તાળિ૦ ૨૯

પ્રેમચંદ્રોદય.

ગરબો.

(ચાલ—ગોરમા શીદ આપ્યો અવતાર૦)

રાગ-સારંગ.

આજ મને આનંદ વધ્યો,
સખિ દિન દીવાળિનોરે લોલ,
પ્રીત પ્રભાત પુરણ કરિ પ્યારિ,
બન્યો સુખ-તાળિનોરે લોલ. ૧
ઉઠી મળસકે સ્વચ્છ થઇ,
આભૂષણ તો ધર્યાંરે લોલ,
વેણિ સમારિ વિચાર કરી,
મુખ તાંબૂલે ભર્યાંરે લોલ. ૨
દર્પણ નિરખીને ચાંદ કર્યો,
સખિ અર્પણ ચંદ્રમાંરે લોલ,

અંજન શ્યામ ધર્યું સ્મરબાણુ,
બિઠા સહુ મંત્રમાંરે લોલ. ૩
અત્તર અમ્બર અંગ ઉમંગ,
ધર્યાં સહુ તે ધિરેરે લોલ,
માળિ કનેથિ લિધો ગજરો,
ગુંથ્યો તે મોગરેરે લોલ. ૪
કર્ણુકમળ કળથી પળમાં,
ઘાલી વાળી વળીરે લોલ,
વાસ સુવાસિત વાસ ભર્યાં,
કંઠી મોતી તણીરે લોલ. ૫
એમ બનીઠનિ ને ઉઠિ કે,
ઠિક ચાલૂં પેરથીરે લોલ,
સૂર્યઉદયઆભાસ પડયો,
હું નિકળી ઘેરથીરે લોલ. ૬
[1]સરિત તટેતટ વન મનહર,
ઘન, અરુણે ઊગિયોરે લોલ.
વિવિધ વૃક્ષ વળિ વેલ વળી,
મારગ તે ભેદિયોરે લોલ. ૭
કોમળ થંડિ પડી સિત રેણુ,
વદે ત્યાં મોરલારે લોલ,
કોયલ કામણગારિ પંખેરુ,
બોલે સોહલાંરે લોલ. ૮
સુંદર વાય સમીર સુધીર,
શિતળ, સુખ આપતોરે લોલ,

૧ નદી.

સુંદરી જાય નદી જળ કાજ,
વિનોદ કરી છતોરે લોલ. ૯
જળ તરશી ઘોડી સમ દોડિ,
વિરહ ભરિ ચિત્તથીરે લોલ,
આંબ તળે ઊભી જઇને,
પછિ મન વીચારતીરે લોલ. ૧૦
ચકિત થતી ચિતથી ચિન્તુ,
હજી કયમ નવ આવિયોરે લોલ,
કાલ કહ્યૂં મળું આજ,
દિવસ પળમાં ગૂમાવિયોરે લોલ. ૧૧
વળિ બેસૂં દ્રુમછાય તળે,
વીચારૂં આપથીરે લોલ,
કોણ મળ્યૂં કયમ વાર થઈ,
ચૂકે ન નિરાશથીરે લોલ. ૧૨
ફૂરિ ઉઠિને નિરખૂં થઇને
ઉંચિ દેખૂં ના કંઇ રે લોલ,
ભરિ પગલાં દસ બાર વળી,
જોતી જઈ દૂરથીરે લોલ. ૧૩
આકુળ વ્યાકુળ ચેત ચપળ,
ચટ બનિ હૂં ગાભરીરે લોલ,
ઘેર સહૂ મુજ માટ હશે,
મસ જોતાં વાટડીરે લોલ. ૧૪
શૂં કરું, જાઉં, રહૂં, હિંડતો
કંઇ દેખૂં છાંયડોરે લોલ,
જાણું પ્રીતમ આવિ ચડયો,

બાજે તે તો ઠર્યોરે લોલ. ૫૧
અધર કુંપળ સુકવી નીશાસે,
નીચું નીરખ્યુંરે લોલ,
આતુર થઈ આગળ જોતી,
નહિ કેરી રેણુશૂંરે લોલ. ૧૬
દિઠો સખિં પછિ એજ ખરે,
ધીરે તે આવતોરે લોલ,
ચાલે છૂટ થકી મધુરે મુખ,
મદથી ભાવતોરે લોલ. ૧૭
દૂર થકી દેખી હસિને મુજ
મુખ મલકાવતોરે લોલ,
આહા ! માન મરોડ ભર્યો શૂં,
દીઠો આવતોરે લોલ. ૧૮
ભવ્ય ભમર સખિ ભાલ વિશાળ,
ને આ શી આંખડીરે લોલ,
કર ધરિને પ્રિય સંચરતો,
એક લાકડિ વાંકડીરે લોલ. ૧૯
નર ખળ જાત ન શર્મ જરા,
આવ્યો મારી કનેરે લોલ,
મુખ મારૂં નમ્યું લાજ થકી,
કૂહે કયમ શરમાયછેરે લોલ. ૨૦
કર ગ્રહિને હલવી લગરી,
કૂહે કયમ બોલે નહીરે લોલ,
વ્હાલિ ! અનંગઅધીર બની,
અડતે તે હસ્તથીરે લોલ. ૨૧
નિરખે હરખે ઉર જોઈ ઘણું,

ગણું કહે મણુકા લઈરે લોલ,
જોઉં આસપાસ કહ્યું કો નિરખે,
દુર્જન બોલે કંઈરે લોલ. ૨૨
રહિ વાત લગારજ દૂર ઠરો,
ઠગ સરખા ના થવુંરે લોલ,
સત્વર સરિતા તજિને તટપાર,
હજી તો ક્યાં જવુંરે લોલ. ૨૩
મુખ વાણિ સુણી બહુ દીન થયો,
જોતી હું તો રહીરે લોલ,
ભુજમાં લેવા મુજને લપટાવિ,
ખશી હું ત્યાં થકીરે લોલ. ૨૪
બહુ બાવરું બાવરું બોલિ કહે,
ના પ્યારી ના જતીરે લોલ,
સરસ સુહાય સુવસ્ત્ર સહેત,
ચળે દેખી મતીરે લોલ. ૨૫
કરમાં મુખ મારું લિધું મુખ પાસ,
ન મન ઝાલ્યું રહ્યુંરે લોલ,
અડતે એ અધરજ ભાન થયું,
આઘા રહો મેં કહ્યુંરે લોલ. ૨૬
હું આવિ મળી કંઈ વાત મસે,
આ શું અત્યારથીરે લોલ,
પણ પ્રાણ સમાન ગણું હું પ્રિયા,
તે કહુંછું ક્યારથીરે લોલ. ૨૭
બહુ વેળ વટી મુખ એમ વદી,
કપટી કહે કાલથીરે લોલ,
મણું આવી ભવન તુજ માશુક,

ત્યાં બહુ તૂં [illegible]ાનિતીરે લોલ. ૨૮
ઋશિને ખશિ કે ઘશી આવી કૂહે
ના, મીઠો કોલ દેરે લોલ,
નિશ્ચે હૂં તારો જાણુ પ્રિયા,
કૂહે તૂં મારી જ છેરે લોલ. ૨૯
પ્રીતમને દઇજ વચન અહિં
આવિ હવે તે કરૂંરે લોલ,
માવડિ આડિ કદી નિવડે,
વિષ પીને તો મરૂંરે લોલ. ૩૦
મુજ પ્રાણપતિ પ્રિય એજ કર્યો,
કહુંછું હૂં આજથીરે લોલ,
વર આપ તું વીરજ એ વરવો,
નહિં તો રહું આપથીરે લોલ. ૩૧
સખિ કૂહે મુજ માત નિકટ જઇને,
કહિ વાતો તે કથીરે લોલ,
મનમાં વસિયો પ્રિય એ રસિયો,
કહિ દેજે જે વિતિરે લોલ. ૩૨
સખિ વિરહસમુદ્ર ડુબે સખિ તે,
કર ગ્રહીને કા'ડજેરે લોલ,
મુજ કાળજડે કંઈ થાય પ્રિયા,
દિનનિશ દિલ તો બળેરે લોલ. ૩૩
આશા થકિ હૂં દિન ખોઉં સખી,
જીવાડે તો રહુંરે લોલ,
પ્રિય એ પરણાવ તું કળ બળથી,
દુખિયારિ બકૂં બહૂરે લોલ. ૩૪

પ્રિયસંયોગાર્ણવ.

'ટીટાડી કહે તજીયેર, ભૂમીપર ભાર થશે.'

(ચાલ— ધીરાના પદની.)

રાગ–કાફી–મ્હાડ.

લેખણુ લાવી લખનીરે, કાગળ અક્ષર જોઈ જોઇને,
ઝાઝા થયા દહાડારે, માટે બ્હેની મોહી મોહીને–ટેક.
અવર કામ સુઝતું નથી કાંઇ, રોતે ખુટે નહિં રેન,
આંસુ ભરતી દાસી જાચૂં, નથી સુખ ને નથી ચેન,
ખોહું ત્યારે સઉ ખોહુંરે, ધરૂં પ્યારા રોઇ રોઈને;
લેખણુ લાવી૦ ૧

દુખ દરિયે ઘેરી હૂં ભાખૂં, જો કદિ તીખાં વેણુ,
તોપણુ પ્યારા હું પર ન્યારાં, ખારાં ન કરતો નેન,
શાણુંને બહુ તે શાનુંરે, જોવું શું મન લોહી લોહીને; ×
લેખણુ લાવી૦ ૨

ભુલ્યા શું ભામની ભેળી થઈ કે, ભરમાવ્યા ભરતાર,
વિસારી કયમ સુકી તારી, રાંકડી રોતી નાર,
શાણુંને ચાબુક શાનીરે, રડવું શું ખોઈ ખોઇને;
લેખણુ લાવી૦ ૩

સુની દેહ ને સુનું ભવન છે, સુનો સઉ સંસાર,
પ્રાણુનાથ ગયે સઘળું સૂનું, મીની પડેછે વિચાર,
પ્યારા તારી પાળીરે, પીયે ન મુકું દોહી દોહીને;
લેખણુ લાવી૦ ૪

×કાચના તકતા ઉપર મેલ હોય તે લુગડાથી લોહી લોહીને મુખ જોઇએ તેમ.

*પીળે દીને હું પીળી પડીછું, જળ વિણ વેલી સુકાય,
ત્યમ તારા વિરહે હું વ્યાકુળ, દુર્બળ દુખ ન સ્હેવાય,
શાણું ને બહુ તે થાંનું રે, સમજે બોલે સોહી સોહીને;
લેખણ લાવી૦ ૫

ડોલંડોલા ધરણી ચડીછે ચાકને ફુએ નાવ,
વ્હાલા ખલાસી એ વેરી વા મૂકે, આવે સહાય કરી ભાવ,
ધરનાને તેડું ક્યાંનુ રે, જોઉં મન પ્રોહી પ્રોહીને;
લેખણ લાવી૦ ૬

વાંક કર્યા તે માફ કરીને, આવો મોહનહાર,
સેજ કરૂં તૈયાર બિછાવી, આવો પ્રાણઆધાર,
વિનવું કર જોડી રે, કહેવું નથી કોઇ કોઇને;
લેખણ લાવી૦ ૭

આબૂ.

શિખરિણી વૃત્ત.

દિઠે ભારયો કાળો, નભવરણ રે મેઘ ચ્હડિયો !
ગુફાવાળો ભારે, નગપતિ થઈ લમ્બ પડિયો;
મુકેલાં બન્ધુને, દુર દિશ થકી દર્દિ ભમતો,
ચ્હડયો રસ્તે રેતી, મરુર બળતો સૂર્ય દમતો. ૧
દિઠે શાન્તિ આબૂ ! નયન ઠર્યું ગંભીરપણથી,
બળાપે પૃથ્વીને, શિતથિ ઘનરૂપે તું રણથી;
સુખી આબૂ રહેજે, સુખિ તું વર એ નિત્ય તુજને,
મનાવે એ રીતે, શ્રમજળભિંજ્યો પ્રાણિ મનને. ૨
ગયે પાસે પાસે, વિભવ પ્રગટ્યો પર્વત તણો,

---

*વિયોગથી વ્હાલા પણ ઝેર લાગે.

ફુરાડો ઉઠી જ્યાં, જયમ ત્યમ કરે ભંગ નગનો;
શિલાઓ વ્યાપેલી, ત્રિવિધ પથરે પૂર્ણ તરુથી,
પ્રભાવે પ્રૌઢા તે, રુપ ગુણથિ ઉત્તુંગ શુરુથી. ૩
પણે પશ્ચિમે તો, પ્રદિપિત પિળો સૂર્ય ઉતરે,
સુહાતો સિંદૂરી, કનક શિખરી આભ નવરે !
ક્ષિતિમર્યાદામાં, ઉતરિ પડતો ભાનુ બળમાં,
જતો દીસે જેવો, નભથકિ પતાળેજ પળમાં ! ૪
થયો ત્યાં તેવામાં, ઉલટિ ઉલટી ભારિ પવન,
હલાવ્યાં વૃક્ષોને, ઉપડિ પડિ રેતી ઉડિ વન;
ઉડી જાતાં પ્રાણી, મરુત ધસડે માર દઇને,
વળી બોલે બ્હેંકી, ગરજન કરે શૂં ગજ રણે. ૫
અરી આવ્યો જાણે, ત્યમ સુણિ બિજી ત્યાં ગરજના,
ચ્હડ્યો અગ્નિકોણે, પ્રબળ ઘન કાળોજ ભયદા;
ચ્હડી આવ્યો વિન્ધ્યાચલ ચલ થઈ પાંખ ગ્રહીને,
બિજા શત્રુ જાણે, નગપતિતણા ફોજ લઇને. ૬
મહાવેગે આવે, પ્રમુખ શિખરે મેઘ સમૂહે,
ભયે નાઠો વાયુ, શિતળ થઇ વાયો સહુ જુવે,
વિકાશી આંખેથી, નિરખિ નિરખી સ્નેહિજન ત્યાં,
સુમૂર્તિ સંભારે, પ્રણયથિ ભરેલાં હૃદયમાં. ૭
ચ્હડે ગર્જી ગર્જી, વિજળિ ઝબકી ચપ્પ ચમકે,
દિશામાં ફેલાયો, ધરણિ થઇ આશ્ચર્ય ધમકે;
પડ્યો તે જોતામાં, તુટિ તુટિ પડે ધાર ધરતી,
થઈ રેલંરેલા, સરિત સઘળે વારિ સરતી. ૮
દિધી ઢાંકી દૃષ્ટિ, ધ્રુજિ ધ્રુજિ ગયાં અંગ જનનાં,
પ્રદેશે સંકલ્પો, મન ઘુમિ રહ્યા સર્વ મનના;
વળી પીળાં કીર્ણો, નિકળિ પસર્યાં મેઘ સરતે,

ભિની ભાશી ભૂમી, શિતળ સઘળે વાડવડ તે. ૯
નરી નારી નીરે, સુઘડ જયમ નાહી કરિ ઠરી,
ભિની કોરી થાતી, વસન નવ દીઠૂં ફરિ ફરી;
જણાતે એ લીલા, પસરિ સહુ શક્તિ પ્રભુ તણી,
કહે પ્રાણી આ શૂં ! અતિ વિનયથી નમ્રજ બની. ૧૦
દિઠો ભારે આબૂ ! દૃઢ થઈ ઉભો યોધ રણમાં,
ઘણા ફેલ્યા બીજા, નગ, નિરખયા ચાર દિશમાં;
દિસે રાને સર્વે, ભયકર ભુરા જંગલિ ખરે,
ગમે પ્રેમીને તે, સકલ રણ-દેખાવ નજરે ! ૧૧
પડેલા પ્હાડોમાં, પ્રમુખ પદવી પામિ સહુમાં,
ભરાવ્યા આશ્ચર્યે, સકળ જન વિખ્યાત ભત્રમાં;
અહો કલ્યાણાર્થે, અચલ વિભવે શૈલ ટકજે,
પડી પુણ્યે અંગે, મુનિજન તણી પાદરજ જે. ૧૨
હતા ઐહ્યાં પૂર્વે, અગમ વિવરે અંદર ખરે !
મહા અંધારે તે, સ્થિર થઈ રહ્યા શૈલ ઉપરે;
ઉંચે પ્હાડોમાં કો, ભયકર ધરી અંગ નખને,
વિશાલાક્ષે ધોળાં, મનુષ અરિ કાળા ખવિસ તે. ૧૩
હતા ઐહ્યાં પૂર્વે, વિભુતધર યોગી અબધુત,
હતા ઐહ્યાં કર્તા, જટિલ મુનિ જ્ઞાની તપકૃત;
અને ઐહ્યાં ફર્તા મિથુન કૃતમાં દિવ્ય જનનાં,
સુધાપાને પ્રેમી, વળગિ ભુજ વાતે હરખતાં. ૧૪
સ્વભાવે બંધાયો, ગઢ થઈ પડયો રાજનગનો,
ઉભો કિલ્લા જેવો, સુભટ પ્રિય મારવાડ ભુમિનો;
ન કિઞ્ચિત્ કાર્યાર્થે, ગરિબ ભુખડૂને ગરજ શી,
સ્થિતિ કર્વા ઓથે, દૃઢ ગઢ તણી રે ગરજ શી ! ૧૫
અરે જાગ્યો નામે, સ્મરિ તું ભુમિ હે ગુર્જર તણી,

થયા કીર્તિવંતા, તનુજ તુજ કેવા કહું ગણી !
કર્યો તારે કાજે, જગતપતિએ પ્રેમ થકિ આ,
પડયો કિલ્લા જેવો, રિપુ હણિ સકે વારવગમાં. ૧૬
નવામ્બુથી વે'તી, રમતિ રમતી નાજુક નદી,
ઝરા મીઠા ત્યાંથી, શિખરથિ દિસે નીકજ જતી;
રચે રસ્તે જાતાં, સડક શિર આબૂ સુધિ ચ્હડી,
ચ્હડીને દેખોરે, લલિત રચના સ્વર્ગ નિવડી. ૧૭
વશિષ્ઠે ચિન્તીને, નખ થકિ સૃજ્યૂં તે થકિ નખી,
રમે ફેલી ન્હાનૂં, સર સરસ તે સ્થાન પરખી;
ફરે પાણી દીસે, અભિનવ તરંગો શું મનમાં,
સુગન્ધે સોહાતું, કમળ કુમુદે વ્યાસ વચમાં. ૧૮
રમ્યાં અત્રે આવી, મિથુન નૃપનાં કામ નવલા,
કરે મેદાને જ્યાં, ફરિ ફરિ મયૂરો કલ કલા;
રહ્યે વચ્ચે દીસે, ગિરિ શિખર ફર્તાં ફરિ વળ્યાં,
સલૂણાં વૃક્ષોથી, કુસુમ વળિ વેલે રુપ રળ્યાં. ૧૯
કિનારે કુંજોમાં, કલરવ કરે પંખિ રમતાં,
શિલાઓ ફાટેલી, અહિં તહિં દિસે કાળિ ભમતાં;
પડી લાંબી વાંકી અગણિત ઉંચી રાક્ષસિ જડી,
કહ્યા પૂર્વે મ્હોટા, અસુર મુખની ફાટજ પડી ! ૨૦
નિચે જોતે ઝાડી, ઉડિ ઉંડિ ઘણી શ્યામ ભયદા,
અરણ્યે રીંછો ને, સુકર વરુ વ્યાઘ્રોજ ભમતા;
ખરી ખાખડીને, સિમલ પિપરી ખેર ખજુરી,
કુમારી મારવાડી, અભય થઈને ત્યાં ફરિ ફરી, ૨૧
ચુંટે ચિન્તી ચારુ, વિવિધ વળગ્યાં ઔષધ ક્રુમે,
ઉંચી થૈને લેતી, નિચિ થઇ વિણે જે પડિ ભુમે

રહ્યા કર્ણો કાળા, અલકપર વેલા વિંટિ વળ્યા,
ફરે ક્ષત્રી જૂના, સશર અરિ જોતે નવ ખળ્યા. ૨૨
ઊંચે જોઊ આવ્યા, હૃદયપર ખડ્કો દ્રુમ ભર્યા,
લલા કાળા ન્યાળા, સહુ તરફ આવી ફરિ વળ્યા;
ધરી કોએ શીષે, કલગિ કરિને આમ્ર તરુની,
ખિલ્યા ચંપા શોભે, સુમન તણિ ભાતી અણુગણી. ૨૩
સુગન્ધી ચંએલી, ફુલ વળિ ગુલાબી બહુ ખિલ્યાં,
જુદાં રાતાં પીળાં, વિવિધ વરણે રંગ રસિલાં;
થયે સૂર્યાસ્તેતો, કળિ થઇ ગઈ સૂર્યમુખિની,
રહ્યે ઇંદુ શીષે, કળિ ખિલિ ખરે ચંદ્રમુખિની. ૨૪
સુનેરી ચંપાનાં, વન કદળિને કેતક તણાં,
શિરીષે સોહન્તાં, જુઇ પણ વળી જાસુદ ઘણાં;
લતા લ્હેંકી લ્હેંકી, ખરતિ ફુલડાં ફાલ ફરતી,
રુપાળી બાળાશું, મધુર મુખથી શબ્દ કરતી. ૨૫
વળે હાલે ચાલે, શિખરપર તે મોર મુગટ,
લિલા છોડે રાજે, ખડક દ્રુમ હસ્તે, ધર્યું પટ:
ખજૂરી બાજૂની, ચિતારે થઇ આફતાબગિરિ તે,
જુઓ એવી શોભા, કરિ ઉભિ ઘણી ટેકરિ પુરી. ૨૬

જુબિલી (વિનોદિની.)

વસંત તિલકા.

[1]સામ્રાજ્ય આર્યસુતનું કરિ એવિ પ્રાપ્તિ,
સંવત્સરાર્ધશતની થઇ આ સમાપ્તિ;

---

૧ સર્વ ભૂમિનું રાજ્ય.

દેવી! થયો તુજ તથા જન શાન્ત આત્મ,
એવું ઉદારમનમેળતણું મહાત્મ્ય. ૧
સિંહાસનારપદ થઈ દિન તે થકી તેં,
રાજાપ્રજાનું અતિશે હિત ચિંતવ્યું તેં;
તેથી સુશોભિત થયું પુર હસ્તિનાનું,
લીધું અમૂલ્ય પદ જોડ બિજી વનાનું. ૨
દિલ્હીતણું ચલવતે બહુ ભારિ રાજ્ય,
જાણી સ્વજાતિ અબળાજન કેરિ દાઝ;
તેં બાગવાનનું કર્યું કૃત કાષ્ઠ કુહાડી,
[1]સૌરમ્યવર્ણ[2]યુત [3]વલ્લરિને વધારી. ૩
જે ઠામ ઠામ રઝળ્યો શુભ પાત્ર કાજે,
તે કોહિનૂર તુજ વેણિ વિષે વિરાજે;
જાણું ન તેથકિ શું વેણિ સમૂહ શોભ્યો,
કે તે કિરીટમણિ જે નમિ શીર્ષ થોભ્યો! ૪
જે પુણ્યવેણિ કરિ પાવન આ પ્રજાને,
ભાસે સુરત્નમય દિવ્ય [4]સરિત્ સમાને;
જેનો મહાન મહિમા હિમઆદ્રિ આવ્યો,
ને જાહ્નવીસલિલ [5]ઉર્મિ વિશે ગવાયો. ૫
દેવિ! પ્રતાપ તપિ આ તપતેજ લાજે,
સંવત્સરાર્ધશત પૂર્ણ થયોજ આજે;
આનંદથી ઉલટમાં નરનારી ઘૂમી,
હર્ષોત્સવે વિલસતી ભરતાગ્રભૂમિ. ૬

---

૧ સુરમ્યપણું, ખૂબી. ૨ યુક્ત, વાળું. ૩ વેલીયો. ૪ આકાશગંગા, Milky way ૫ તરંગ; મોજાં.

જે [1]નાદિરે હરિ લિધું ગઇ પાદશાહી,
જેની પ્રદીપ્ત અતિ કીર્ત્તિ [2]દિગન્ત વ્યાપી;
જે અર્થ સર્વદિશભૂપતિચિત્ત લોભ્યું,
તેવું [3]મયૂરપદ આજ સમગ્ર શોભ્યું. ૭
[4]ઉત્તુંગ રાજગુણથી, પઃ રાણિનું જે,
ધારી થઈ પ્રગટ તેજજ ભૂમિનું જે,
[5]આલ્હાદકારિણિ વડી જનમાંહિ એવી,
ખીલ્યા વસંત વચલી શશિકાન્તિ જેવી. ૮
એ આશિષે હરખિ હિંદ વિદેશ દેશે,
દીપાવલી રચિ વિલાસ કરે વિશેષે,
કે તેં પ્રજાજન તણાં સહુ દુઃખ કાપ્યાં,
દેશોન્નતિ કરિ સુજીવનદાન આપ્યાં. ૯
જે તેં પ્રજાપ્રતિ સહૂ ઉપકાર કીધા,
[6]ઇંદુમયૂખ સમ તે મુખહાસ દીધા,
અજ્ઞાનના [7]તિમિરમાં બહુ ધૈર્ય ધારી,
વિદ્યાતણો [8]વિમળ જ્યોતિ દિધો વધારી. ૧૦
હે શારદાપ્રતિસ્વરૂપિણિ ! વૃદ્ધિ આપો,
[9]ઋદ્ધિ [10]સમૃદ્ધિ બહુ માન વધારિ થાપો;
તેં કોઇ કાળ વચનો દઇ ના ઉથાપ્યાં,
તે માતૃભક્તજનનાં ભવકષ્ટ કાપ્યાં. ૧૧

૧ નાદિરશાહે. ૨ દિશાના અંત સુધી, પૃથ્વીના છેડા સુધી. ૩ મયૂરાસન, Peacock throne. ૪ ઘણા ઉંચા. ૫ સુખ આપનારી, મુબારક. ૬ ચંદ્રકિરણ (ઉપકાર એજ તારા મુખના હાસ.) ૭ અંધકાર. ૮ સ્વચ્છ પ્રકાશ, પવિત્ર તેજ. ૯ ધનસંપત્તિ. ૧૦ સર્વ સંપત્તિ, આબાદી.

એ કારણે હરખિ લોક ઘણા વિભાવે,
ઉલ્લાસથી ઉલટિ રાજ્ઞિ કુશે વધાવે;
પે'રાવતી અતિ ઉમંગથિ મોતિમાળા,
વર્ણે નવાં વસન જો ધરિ પોરબાળા. ૧૨
આનંદનાં અભિનવાં [1]પરિધાન ધારી,
[2]પ્રેમોર્મિયે સુયશ [3]મંજુલ ગાય નારી;
વંદી પદે [4]સ્વતનુના [5]સુભગાર્થ સાટે,
[6]આમોદ આણિ કંઇ કેસરબિન્દુ છાંટે. ૧૩
જો સૃષ્ટિની છબિ ફરી મૃદુ વાગિ વીણા,
આકાશ રંગ નવ આ મધુમાલતીના;
ઉન્મત્ત કોકિલ કરે ગુણનાદ ધીમા,
વાસંતિકોત્સવ તણી થઇ આજ સીમા. ૧૪
તેં શૌર્ય [7]પોષ્યું અતિ [8] ઉત્કટવીર પ્રેર્યા,
શત્રુ વિદારિ નગતુલ્યજ કોટ ઘેર્યા;
[9]સત્યોચ્ચયે સહુ પ્રકાર વિકાર મારી,
તું સત્ય આજ થઇ જો વિજયાકુમારી. ૧૫
રાજાધિરાજ્ઞિ ! યુવતી થઇ પાયતખ્તે,
બેઠી તું માન ધરિ સુંદર તેજ વખ્તે,
[10]પિતૃવ્ય પેખિ પડતો પદ વંદનાર્થે,

૧ વસ્ત્રાભૂષણ, નવાં લુગડાં ઘરેણાં વગરે. ૨ સ્નેહના ઉભરાથી. ૩ કોમળ મધુર. ૪. પોતાના અંગના એટલે પુત્રાદિકના. ૫ સારા ભાગ્યને સારૂં, ઉદય થવા માટે. ૬ ભાવ સહિત. ૭ શૂરપણાનું પોષણ કર્યું, ઉત્તેજન આપ્યું. ૮ પરાક્રમે મ્હોટા. ૯ સત્યનો ઉચ્ચય—ઊંચો સમૂહ—ઢગ-કરીને—ઉંચો આણીને. ૧૦ કાકો.

પ્રેમાશ્રુએથિ ઉચકયો મુખ નમ્ર કર્વે. ૧૬
તેવી સતી વિનયથી અતિ ઓપતીની,
તેવી મહાનજનપ્રીતિ પ્રકાશતીની,
તેવી સદા સ્થિર રહે જગમાંહિ જીતી,
ઉત્કર્ષજન્ય અનુભાવનિ દિવ્ય કીર્તિ. ૧૭

---

૧ લોકોન્નતિ—ચડતી (લોકોની ચડતીથી જન્મ પામેલા મહત્તા-અનુભાવની-શક્તિના પ્રતાપની.)

જાહેર ખબર.

સ્વર્ગસ્થ ભીમરાવ ભોળાનાથ કૃત પુસ્તકો.

	રૂ. આ. પા.	
મેઘદૂત (ભાષાંતર). (નકલો થઇ રહી છે).		
દેવળદેવી (નાટક).	૦—૮—૦	(પોસ્ટેજ જૂદું).
પૃથુરાજ રાસા. (વીરરસ કાવ્ય). ...	૧—૮—૦	"
કુસુમાંજલિ. (છૂટક કાવ્યોનો સંગ્રહ).	૦—૧૦—૦	"

મળવાનાં ઠેકાણાં.

અમદાવાદ—સત્યેંદ્ર ભીમરાવ. લાખાપટેલની પોળ.

મુંબાઇ—એન. એમ. એન્ડ કંપની; કાલબાદેવી રો.